RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ જેઠ સુદ - પુનમ | સોમવાર તા.૨૯-૦૬-૨૦૨૬ | અંક : ૦૭ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂ. ૨-૫૦ | પાના - ૮

# અફઘાનમાં પાકિસ્તાનની એર સ્ટ્રાઈક : ૩૫ આતંકીઓના મોત

## કરાચીમાં પાકિસ્તાન રેન્જર્સના મુખ્યાલય ઉપર હુમલો થયા બાદ પાકિસ્તાનનું ઓપરેશન મીડનાઈટ : સરહદ નજીકના આતંકી ઠેકાણાઓ નાશ કર્યાનો દાવો

નવી દિલ્હી

પાકિસ્તાને અફઘાનિસ્તાન સરહદ નજીક આવેલા વિસ્તારોમાં આતંકીઓ વિરુદ્ધ સૌથી મોટી લશ્કરી કાર્યવાહી શરૂ કરી છે. કરાચીમાં પાકિસ્તાન રેન્જર્સના મુખ્યાલય પર થયેલા આતંકી હુમલાના બરાબર એક દિવસ બાદ પાકિસ્તાની સેનાએ વળતો પ્રહાર કર્યો છે. ગુપ્ત માહિતીના આધારે શરૂ કરાયેલા આ ઓપરેશન અને હવાઈ હુમલામાં અત્યાર સુધીમાં કુલ ૩૫ આતંકીઓ માર્યા ગયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

અહેવાલો અનુસાર, શનિવારે પાકિસ્તાનના કરાચીમાં સ્થિત પાકિસ્તાન રેન્જર્સના મુખ્યાલય પર હથિયારો અને વિસ્ફોટકોથી સજ્જ આતંકીઓએ ઘૂસણખોરી કરીને હુમલો કર્યો હતો. જેમાં પાકિસ્તાની સેનાના ૩ સૈનિકો માર્યા ગયા હતા, જ્યારે વળતી કાર્યવાહીમાં ૩ આતંકીઓ પણ ઠાર થયા હતા. સેનાએ એક આતંકીની ઈજાગ્રસ્ત હાલતમાં ધરપકડ કરી છે જે અફઘાન નાગરિક હોવાનું સામે આવ્યું છે. આ હુમલાની જવાબદારી તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન સાથે જોડાયેલા આતંકી સંગઠન 'જમાત-ઉલ-અહરર' દ્વારા સ્વીકારવામાં આવી હતી.

પાકિસ્તાન દ્વારા સરહદી વિસ્તારોમાં એક જ મહિનાની અંદર કરવામાં આવેલો આ ચોથો મોટો હુમલો છે. આ અગાઉ ગત ૧૦મી જૂનના રોજ પણ પાકિસ્તાની સેનાના આવા જ એક હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. પાકિસ્તાને હવે અફઘાન સરહદે આતંકીઓના લોકેશન્સ શોધી-શોધીને તેને તોડી પાડવાનું અભિયાન તેજ કર્યું છે.

પાકિસ્તાનના માહિતી મંત્રી અત્તાઉલ્લાહ તરારએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર આ સૈન્ય કાર્યવાહીની પુષ્ટિ કરતા લખ્યુ, 'દેશભરમાં સુરક્ષા દળો પર તાજેતરમાં થયેલા કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલાઓના જવાબમાં આ કડક ઓપરેશન શરૂ કરાયું છે. પાકિસ્તાન પોતાની રાષ્ટ્રીય સુરક્ષા અને સરહદોની રક્ષા મામલે કોઈ પણ પ્રકારનું સમાધાન નહીં કરે. આતંકવાદીઓના સંપૂર્ણ સફાયા સુધી આ સૈન્ય કાર્યવાહી અટકશે નહીં.'

આ હુમલા બાદ પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર વચ્ચે સરહદી તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે.



પ્રસિદ્ધ જગન્નાથ પુરીની સાથોસાથ અમદાવાદ ખાતે પણ રંગદર્શી જળયાત્રા સાથે રથયાત્રા મહોત્સવનો પ્રારંભ થયો છે.આ યાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

# મુંબઈમાં રાતભર ભારે વરસાદના કારણે અનેક વિસ્તારો જળમગ્ન

## અંધેરી, બાંદ્રા, ખાર, મલાડ, ગોરેગાંવ, જુહુ અને વર્સોવા જેવા વિસ્તારોમાં પાણી ભરાયા : આજે પણ વરસાદનું એલર્ટ

મુંબઈ

મુંબઈ અને તેના આસપાસના વિસ્તારોમાં રાતભર ભારે વરસાદને કારણે ઠેર-ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને અંધેરી, બાંદ્રા, ખાર, માલાડ, ગોરેગાંવ, જુહુ અને વર્સોવા જેવા વિસ્તારોમાં વરસાદની વ્યાપક અસર જોવા મળી રહી છે.વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર પણ પાણી ભરાઈ જવાના કારણે વાહનોની ગતિ ધીમી પડી ગઈ હતી. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, પૂર્વ અને પશ્ચિમ મુંબઈને જોડતા મુખ્ય માર્ગ એવા અંધેરી સબવેમાં ભારે પાણી ભરાઈ જતાં તેને વાહનોની અવરજવર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. દર વર્ષે ચોમાસામાં અંધેરી સબવેમાં પાણી ભરાવા એ એક જૂની અને ગંભીર સમસ્યા રહી છે.શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના કારણે કોઈ પણ અપ્રિય ઘટના કે અકસ્માતને રોકવા માટે તંત્ર દ્વારા વહેલી સવારે ૧:૪૫ વાગ્યાથી જ અંધેરી સબવે ખાતે વાહનવ્યવહાર રોકી દેવાયો છે અને સબવેની બહાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. એક તરફ આ આકરા વરસાદથી મુંબઈગરાઓને બફારા અને અસહ્ય ગરમીથી મોટી રાહત મળી છે.

# ઈરાન અને અમેરિકા વચ્ચે હવે હોર્મુઝ ખાડી મુખ્ય મુદ્દો : કતારમાં કાલે બેઠક

## અમેરિકા અને ઈરાન વચ્ચે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો ભયાનક સૈન્ય ટકરાવ હાલ પૂરતો સ્થગિત

નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો ભયાનક સૈન્ય ટકરાવ હાલ પૂરતો અટકી ગયો છે. બંને દેશો વચ્ચે વાતચીત ચાલુ રહે ત્યાં સુધી તમામ પ્રકારના સૈન્ય એક્શનને અસ્થાયી રૂપે રોકવા માટે સહમતિ સધાઈ છે. તાજેતરમાં હોર્મુઝની ખાડી નજીક થયેલી જોરદાર બોમ્બમારો અને તણાવ બાદ, હવે બંને દેશોના પ્રતિનિધિઓ મંગળવારે કતારમાં એક હાઈ-લેવલ મીટિંગ કરવા જઈ રહ્યા છે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય બંને પક્ષો વચ્ચે અગાઉ થયેલા નાજુક શાંતિ સમજૂતીને બચાવવાનો છે.

તાજેતરમાં હોર્મુઝમાં કાર્ગો શિપ પર ઈરાની હુમલા બાદ સંઘર્ષ વકર્યો હતો, જેના જવાબમાં અમેરિકાએ ૨૪ કલાકમાં બે વાર ઈરાનની મિલિટરી અને ડ્રોન સાઈટ્સને નિશાન બનાવી હતી. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે ઈરાનને અત્યંત કડક ચેતવણી આપી હતી. આ તણાવને કારણે જ રાજદ્વારીઓએ મોટો નિર્ણય લીધો છે. શરૂઆતમાં આ બેઠક સ્વિટ્ઝર્લેન્ડમાં ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર ચર્ચા કરવા માટે થવાની હતી, પરંતુ તાજા સૈન્ય ટકરાવને જોતા તેનું સ્થળ બદલીને દોહા (કતાર) કરવામાં આવ્યું છે.

# તિરૂમાલામાં કેશ અર્પણ સાથે ભક્તિ અને સંસ્કારની અભિવ્યક્તિ કરતા અનંત અંબાણી

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી અનંત અંબાણીએ રવિવારે વહેલી સવારે તિરુમલામાં ભગવાન શ્રી વેંકટેશ્વરના પવિત્ર ધામમાં દર્શન કરી પ્રાર્થના કરી અને પોતાની અતૂટ શ્રદ્ધા અને ભક્તિનો પુનઃ પ્રત્યય આપ્યો.

શ્રી અનંત અંબાણી રાત્રે આશરે ૧ વાગ્યે તિરુમલા પહોંચ્યા હતા અને તેમણે ભગવાન શ્રી વેંકટેશ્વર સ્વામી પ્રત્યે સમર્પણ અને ભક્તિના પ્રતિકરૂપે પોતાની કેશ સમર્પિત કરવાની સદીઓ જૂની પરંપરાનું પાલન કર્યું. દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ આ પવિત્ર પરંપરાનું અનુસરણ કરે છે.





તેમની આ મુલાકાત એ વાતનો સંદેશ આપે છે કે દુનિયા ભલે કેટલી પણ બદલાય, પરંતુ શ્રદ્ધા અને પોતાના મૂળ સંસ્કારો હંમેશા અડગ રહે છે.

આશરે સવારે ૩:૩૦ વાગ્યે શ્રી અનંત અંબાણીએ પવિત્ર સુપ્રભાત સેવામાં ભાગ લીધો, જે ભગવાનના પ્રાતઃકાળીન જાગરણનો વિધિપૂર્વકનો ધાર્મિક કાર્યક્રમ છે.

દર્શન બાદ મંદિરના વૈદિક પંડિતોએ તેમને વૈદિક આશીર્વાદ આપ્યા, જ્યારે તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ (TTD)ના એક્ઝિક્યુટિવ ઓફિસરે તેમને પવિત્ર સ્મૃતિચિહ્ન અને પ્રસાદ અર્પણ કર્યો.







## સદીઓ જૂની પરંપરાને અનંત અંબાણી અનુસર્યા તેમજ પવિત્ર સુપ્રભાત સેવામાં પણ ભાગ લઈ ધન્યતા અનુભવી

# રાજકોટ-જેતપુર હાઈવે પર અધૂરા કામે ટોલ વસૂલાત સામે ધારાસભ્યનો CMને પત્ર

## '૬૦ કિમી'નો નિયમ નેવે મૂકીને NH-૩૫૧ પર જેતપુરના ચારણીયા-થાણા ગાલોલ પાસે નવો ટોલ પ્લાઝા બનાવવા જમીન સંપાદન આટોપી લેવાતાં વિવાદ

રાજકોટઃ સૌરાષ્ટ્રના સૌથી વ્યસ્ત અને અતિ મહત્વપૂર્ણ ગણાતા રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પર પ્રજાના લોહી-પરસેવાના નાણાં લૂંટવાનું એક મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવાના સનસનાટીપૂર્ણ આક્ષેપ સાથે ઉત્તર ગુજરાતના પાટણ બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય ડો. કિરીટ પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને એક ધારદાર પત્ર લખતાં રાજ્યના રાજકારણમાં અને હાઈવે ઓથોરિટીમાં ભારે ખળભળાટ મચી ગયો છે. એક તરફ કેન્દ્ર સરકારે નિયમ બનાવ્યો છે કે ૬૦ કિલોમીટરની અંદર નવો ટોલ પ્લાઝા મંજૂર ન થઈ શકે, ત્યારે બીજી તરફ કાયદાના ધજાગરા ઉડાવીને જેતપુર તાલુકાના ચારણીયા અને થાણા ગાલોલ ગામની કિંમતી કૃષિ જમીનો ભારત સરકારના ગેઝેટ દ્વારા સંપાદિત કરી નવો ટોલ પ્લાઝા ઠોકી બેસાડવાની પેરવી થતાં પ્રજામાં ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે. આ આખીય લૂંટ સામે સૌરાષ્ટ્રના સ્થાનિક નેતાઓએ રહસ્યમય ચુપકીદી સાધી લેતા અનેક સવાલો ઉભા થયા છે.

પ્રાપ્ત વિગતો અને ભારત સરકારના સત્તાવાર ગેઝેટ ના દસ્તાવેજો અનુસાર, કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગ અધિનિયમ, ૧૯૫૬ની ધારા ૩ડી (3D) હેઠળ એક જાહેરનામું બહાર પાડીને NH-૩૫૧ પર કિલોમીટર ૧૫૪ થી ૧૮૦.૧ (મહુવા - સાવરકુંડલા - અમરેલી - બગસરા - વડિયા - જેતપુર) ના ભુખંડ પર ટોલ પ્લાઝાના નિર્માણ, નિભાવ અને સંચાલન માટે જેતપુર તાલુકાના થાણા ગાલોલ અને ચારણીયા ગામની જુદા જુદા સર્વે નંબરની ખેતીની જમીનો સંપાદન કરવાની આખરી જાહેરાત કરી દેવામાં આવી છે. ગેઝેટમાં સ્પષ્ટ કરાયું છે કે આ જમીન હવે તમામ બોજમાંથી મુક્ત થઈને કેન્દ્ર સરકાર હસ્તક ગણાશે અને જમીન માલિકોએ વળતરના હક્કદાવા માટે ગોંડલ સ્થિત પ્રાંત કચેરી/જીદ્દસ કચેરી ખાતે ૧૫ દિવસમાં બેંક ખાતાની વિગતો સાથે હાજર થવું પડશે.

પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, કેન્દ્ર સરકારે તાજેતરમાં જ લીધેલા એક મહત્વપૂર્ણ નિર્ણય અનુસાર, વાહનચાલકોને બિનજરૂરી આર્થિક બોજમાંથી રાહત આપવા માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર બે ટોલ પ્લાઝા વચ્ચે ઓછામાં ઓછું ૬૦ કિલોમીટરનું અંતર રાખવું ફરજિયાત બનાવ્યું છે. જો કોઈ માર્ગ નિર્માણ કંપની ૬૦ કિમીથી ઓછા અંતરે ટોલ પ્લાઝા સ્થાપવા માંગે, તો તેના માટે ઉચ્ચસ્તરીય ટોલ સમિતિની પૂર્વ મંજૂરી લેવી પડે છે. ત્યારે NH-૩૫૧ ના આ ટૂંકા અંતરે નવો ટોલ પ્લાઝા ઊભો કરીને પ્રજા પર આર્થિક બોજ કેમ લાદવામાં આવી રહ્યો છે તે મોટો સવાલ છે.

ધારાસભ્ય ડો. કિરીટ પટેલે મુખ્યમંત્રીને લખેલા પત્રમાં પોતાના વ્યક્તિગત કડવા અનુભવનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે, તાજેતરમાં જ્યારે તેઓ ખોડલધામ ખાતે એક બેઠકમાં હાજરી આપવા જઈ રહ્યા હતા, ત્યારે રાજકોટ-જેતપુર સિક્સ લેન હાઈવેની ભયાનક સ્થિતિ તેમની નજરે પડી હતી. આ હાઈવે પર અનેક જગ્યાએ કરોડો રૂપિયાના ખર્ચે બનતા ઓવરબ્રિજ (ફ્લાયઓવર) ના કામો વર્ષોથી અધૂરા પડ્યા છે. માર્ગ પર ઠેર-ઠેર અત્યંત જોખમી ડાયવર્ઝન આપવામાં આવ્યા છે, જેના કારણે રોજિંદા હજારો વાહનચાલકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે અને અકસ્માતોમાં નિર્દોષ નાગરિકો જીવ ગુમાવી રહ્યા છે.ડો. કિરીટ પટેલે ઉગ્ર આક્રોશ સાથે સવાલ ઉઠાવ્યો છે કે,"જે રોડનું કામ જ પૂરું નથી થયું અને લોકોને પૂરતી સુવિધા નથી મળતી, તો કયા નિયમ હેઠળ આ ખાનગી કંપનીને ગેરકાયદેસર રીતે ફૂલ ટોલ ટેક્સ ઉઘરાવવાની પરવાનગી આપવામાં આવી? આ આખીય પ્રક્રિયા પ્રજા સાથે નિર્લજ્જતાપૂર્વક થઈ રહેલી સીધી છેતરપિંડી અને લૂંટ સમાન છે.

રાજકોટ-જેતપુર હાઈવે એ સૌરાષ્ટ્રની જીવાદોરી સમાન છે. આ રોડ પરથી રોજ લાખો વાહનો પસાર થાય છે અને વર્ષોથી પ્રજા હાલાકી ભોગવી રહી છે. છતાં સ્થાનિક રાજકારણીઓ અને નેતાઓ આ મુદ્દે સંપૂર્ણ નિષ્ક્રિય અને મૌન સેવીને બેઠા છે, જેને કારણે પ્રજામાં તીવ્ર અસંતોષ છે. ઉત્તર ગુજરાતના ધારાસભ્યએ સૌરાષ્ટ્રના આ 'પ્રાણ પ્રશ્ન'ને વાચા આપવી પડી છે, જે સ્થાનિક નેતાગીરીની દાનત સામે મોટા સવાલો ઊભા કરે છે. ધારાસભ્યએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની 'સંવેદનશીલ' છાપને ટાંકીને માંગ કરી છે કે આ સમગ્ર મામલે તાત્કાલિક ઉચ્ચ સ્તરીય તપાસ કરવામાં આવે અને જ્યાં સુધી હાઈવેનું કામ સો ટકા પૂર્ણ ન થાય ત્યાં સુધી ખાનગી કંપની દ્વારા કરવામાં આવતી ટોલ વસૂલાત તાત્કાલિક ધોરણે બંધ કરાવવામાં આવે. હવે જોવાનું એ રહે છે કે સરકાર ગેઝેટના આ કાયદાકીય વળાંકો વચ્ચે જનતાના હિતમાં શું પગલાં લે છે.

# નયારા એનર્જીના રિટેલ આઉટલેટ નેટવર્કે ૭,૦૦૦નું સીમાચિહ્ન હાંસિલ કર્યું

## રિટેલ નેટવર્કના વિસ્તરણમાં દરરોજ લગભગ એક નવું આઉટલેટનો વધારોઃ સમગ્ર ભારતમાં વિશ્વસનિય ઈંધણની ઉપલબ્ધતા




રાજકોટઃ

ભારતની સૌથી મોટી ખાનગી ફ્યુઅલ રિટેલર નયારા એનર્જીએ ૭,૦૦૦ રિટેલ આઉટલેટનું સીમાચિહ્ન હાંસિલ કર્યું છે, જેથી સમગ્ર દેશમાં વિશ્વાસપાત્ર અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઈંધણની ઉપલબ્ધતા વધી છે.

શહેરી કેન્દ્રો, મુખ્ય હાઈવે, વૃદ્ધિલક્ષી કૉરિડોર, ટિઅર-૨ શહેરો અને ગ્રામીણ બજારોને જોડતું આ નેટવર્ક ભારતમાં રોજિંદા અવરજવરમાં ઈંધણનો પુરવઠો પૂરો પાડવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. નયારા એનર્જી પોતાના રિટેલ નેટવર્કનું સતત વિસ્તરણ કરી રહી છે અને છેલ્લા ૧૮ મહિનાઓમાં ૫૦૦થી વધારે સ્ટેશન નેટવર્કમાં ઉમેર્યા છે. એનો અર્થ એ છે કે, લગભગ દરરોજ એક નવું આઉટલેટ ખુલે છે, જે ઈંધણની ઉપલબ્ધતાને વધારવાની દિશામાં કંપનીનું સતત રોકાણ દર્શાવે છે.

ઈંધણની પહોંચ વધારવા ઉપરાંત નયારા એનર્જીનું વધતું રિટેલ નેટવર્ક મોટા પાયે આર્થિક અસર પણ ઊભી કરે છે. એનું ડીલર ઑન્ડ ડીલર ઓપરેટેડમૉડલ સ્થાનિક ઉદ્યોગસાહસિકતા અને લાંબા ગાળાનાં જોડાણ મારફતે મોટા પાયે વૃદ્ધિને શક્ય બનાવે છે. હાલ એની રિટેલ ઈકોસિસ્ટમ ૫૫,૦૦૦થી વધારે લોકોને આજીવિકા પૂરી પાડે છે, જેથી સમગ્ર ભારતમાં રોજગારી અને સામુદાયિક સ્તરે આર્થિક ભાગીદારીને પ્રોત્સાહન મળે છે. દરેક નવું આઉટલેટ એક વિશ્વાસપાત્ર મોબિલિટી પાર્ટનર તરીકે નયારા એનર્જીની ભૂમિકાને મજબૂત કરે છે તથા ગ્રાહકો, ડીલરો, ભાગીદારો, કર્મચારીઓ અને સામુદાયિક સ્તરે મૂલ્યનું સર્જન કરે છે.

"ઈન ઈન્ડિયા ફોર ઈન્ડિયા" ના વિચારની સાથે નયારા એનર્જી પોતાનાં રિટેલ નેટવર્કને મજબૂત કરવા, ગ્રાહકને શ્રેષ્ઠ અનુભવ આપવા અને વિશ્વાસપાત્ર એનર્જી સોલ્યુશન આપવામાં સતત રોકાણ કરે છે. આ સોલ્યુશન દેશની મોબિલિટી અને વૃદ્ધિની આશાઓ પૂર્ણ કરવામાં મદદરૂપ થાય છે. કંપની કાર્યકારી કાર્યદક્ષતા, ગ્રાહક-કેન્દ્રીતતા તથા ટકાઉ અને સર્વસમાવેશક વૃદ્ધિ મારફતે ભારતની બદલાતી એનર્જી જરૂરિયાતોને પૂર્ણ કરવા અને એક વિશ્વાસપાત્ર ફ્યુઅલ પાર્ટનર બનવા કટિબદ્ધ છે.

# જેતપુરના નવાગઢમાં રખડતા શ્વાનનો આતંક

## ઘર આંગણે ખાટલામાં સૂતેલા ૩ વર્ષના માસૂમ પર હુમલો કરી ઢસડવાનો પ્રયાસ

જેતપુરઃ

જેતપુરના નવાગઢ વિસ્તારમાં રખડતા શ્વાનનો આતંક દિન-પ્રતિદિન વધી રહ્યો છે અને નિર્દોષ નાગરિકો તેમજ બાળકો તેમના શિકાર બની રહ્યા છે. નવાગઢના ઈલાહી ચોક વિસ્તારમાં ઘર આંગણે ખાટલામાં સૂતેલા એક ૩ વર્ષના માસૂમ બાળક પર રખડતા શ્વાને અચાનક હિંસક હુમલો કરી તેને ઢસડવાનો પ્રયાસ કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. લોહીલુહાણ હાલતમાં માસૂમ બાળકને તુરંત જેતપુરની સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહેવાસીઓમાં નગરપાલિકા તંત્ર સામે ભારે રોષ ફેલાયો છે.



ઘટનાની વિગત એવી છે કે, નવાગઢ ઈલાહી ચોક પાસે આવેલી માસ્તરવારી ગલીમાં રહેતા પરિવારનો ૩ વર્ષનો માસૂમ પુત્ર સાબ્બીર અલી જુણેજા ગઈકાલે પોતાના ઘરની બહાર આંગણામાં રાખેલા ખાટલા પર સૂતો હતો. આ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા એકાએક કાળઝાળ બનેલા રખડતા શ્વાને માસૂમ બાળક પર તરાપ મારી હતી. હિંસક બનેલા શ્વાને માસૂમને મોઢામાં પકડીને ખાટલા પરથી નીચે પાડી દઈ બળપૂર્વક ઢસડી જવાનો પ્રયાસ કર્યો હતો. બાળક પર હુમલો થતાં જ તેણે રાડારાડ કરી મૂકતા તેના માતા-પિતા અને આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા. લોકોએ લાકડીઓ અને પથ્થરો વડે શ્વાનને ભગાડીને માસૂમ બાળકને તેના ચુંગાલમાંથી માંડ-માંડ છોડાવ્યો હતો.

શ્વાનના આ હિંસક હુમલામાં ૩ વર્ષીય સાબ્બીર અલી જુણેજાને પીઠ, હાથ અને શરીરના અન્ય સંવેદનશીલ ભાગો પર શ્વાને બચકાં ભરી લેતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં માસૂમ બાળકને પરિવારજનો દ્વારા તાત્કાલિક જેતપુરની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબો દ્વારા તેને એન્ટી-રેબીઝ ઈન્જેક્શન અને પ્રાથમિક સારવાર આપી સઘન નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યો છે.

સ્થાનિક રહીશોએ ભારે આક્રોશ સાથે જણાવ્યું હતું કે, નવાગઢ અને જેતપુરના વિવિધ વિસ્તારોમાં રખડતા શ્વાન કરડવાના અને લોકોને હડફેટે લેવાના બનાવોમાં સતત ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. માર્ગો પરથી પસાર થતા વાહનચાલકો અને ખાસ કરીને નાના બાળકો પર કૂતરાઓ પાછળ દોડતા હોવાની રોજિંદી ફરિયાદો ઉઠવા પામી છે. આવી ગંભીર અને વારંવાર બનતી ઘટનાઓ છતાં જેતપુર-નવાગઢ નગરપાલિકા વહીવટી તંત્ર દ્વારા રખડતા શ્વાનોને પકડવાની કે તેમના ખસીકરણની કોઈ પણ પ્રકારની નક્કર કામગીરી કરવામાં આવતી નથી. તંત્રની આ ઘોર ઉદાસીનતાના કારણે આજે એક માસૂમનો જીવ જોખમમાં મુકાયો છે. સ્થાનિકોએ ચીફ ઓફિસર સમક્ષ રખડતા શ્વાનોના ત્રાસમાંથી મુક્તિ અપાવવા અને તાત્કાલિક ધોરણે ઝુંબેશ ઉપાડી હિંસક શ્વાનોને પાંજરે પૂરવા ઉગ્ર માંગ કરી છે.

# જંગલેશ્વર ડિમોલિશનમાં ૩ કરોડના ખર્ચથી વિવાદ

## કોંગ્રેસે મ્યુ. કમિશનરનું રાજીનામું, SIT તપાસ અને જવાબદારોને જેલભેગા કરવાની માંગ કરી



રાજકોટઃ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં ગેરકાયદેસર ૧૫૦૦ કાચા-પાકા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. જોકે તેના માટે મનપાને અંદાજે ૩ કરોડનો ખર્ચ થયો હોવાનું સામે આવ્યું છે. જેમાં ભોજન, નાસ્તા અને લીંબુ પાણીના ૨૭.૨૦ લાખ, પીવાના પાણીનું ૨૩ લાખ તો વીડિયોગ્રાફીના ૨૪ લાખના ખર્ચે વિવાદનો મધપૂડો છેડાયો છે. આ મામલે કોંગ્રેસે SIT તપાસની માંગણી અને જવાબદારોને જેલભેગા કરવાની માંગણી કરી છે. જ્યારે વીડિયોગ્રાફીનો કોન્ટ્રાક્ટ જેને મળ્યો તેને ૭ દિવસમાં ૩૦૫ કેમેરામેને વીડિયોગ્રાફી કરી હોવાનું સામે આવતા મોટું આશ્ચર્ય જનમ્યું છે.

વોર્ડ નંબર-૧૬ના કોંગ્રેસના કોર્પોરેટર દિપ્તીબેન સોલંકીએ જણાવ્યું હતું કે, જંગલેશ્વર ડિમોલિશન દરમિયાન થયેલા ખર્ચનો મુદ્દો માત્ર રાજકોટ જ નહી પરંતુ, પુરા ગુજરાતમાં ચર્ચાસ્પદ બન્યો છે. જે રીતે કોર્પોરેશન દ્વારા બિલ મૂકવામાં આવ્યા છે. જેમાં મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, ડેપ્યુટી મેયર અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા કોઈ ધ્યાન જ આપવામાં આવ્યું ન હોય અથવા તો જે લોકોના મકાનો પડતા હતા તેમની સંવેદના સમજવાને બદલે અને સાંત્વના આપવાને બદલે મોંઘી મીઠાઈઓ અને ભોજન સહિતના બિલ મૂકી મિજબાની માણી છે, તેને કમિશનરે આંખ આડા કાન કરી છૂટ આપી હતી.

જો તેને ખબર ન હોય તો જવાબદાર વ્યક્તિ તરીકે તેને રાજીનામુ આપી દેવું જોઈએ. ૩ કરોડનો ખર્ચ થયો છે ત્યારે આ પ્રકરણમાં જીૈની રચના થવી જોઈએ. જવાબદાર લોકોને સસ્પેન્ડ કરવા જોઈએ અને આ બિલ તેમને જ ભરવું જોઈએ. આ બિલનું ભારણ નિર્દોષ પ્રજાના ખભે આવશે તો અમે ચોક્કસ તેનો વિરોધ પણ કરીશું.

જ્યારે આ જ વિસ્તારના અન્ય કોર્પોરેટર ઈબ્રાહીમ સોરાએ જણાવ્યું હતું કે, જંગલેશ્વર ડિમોલિશન દરમિયાન જે ભ્રષ્ટાચાર સામે આવ્યો છે તે મુદ્દે મેયર પાસે માંગણી કરીએ છીએ કે પીવાનું પાણી, કાજુ કતરી અને વીડિયોગ્રાફી સહિતના ખોટા બિલ મુકવામાં આવેલા છે તે મામલે SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ)ની તપાસ થવી જોઈએ અને જવાબદારોને જેલ ભેગા કરવા જોઈએ.

આ સાથે જ મહિલા કોર્પોરેટર રસીલાબેન ગરૈયાએ જણાવ્યું હતું કે, વોર્ડ નંબર-૧૬માં જંગલેશ્વરમાં ડિમોલિશન કરવામાં આવ્યું ત્યારે ૨૭ લાખનું કાજુકતરી અને ખજૂર રોલ સહિતની મીઠાઈઓ ખાઈ ગયા છે અને ૧૨ લાખનું પાણી પી ગયા છે. ૫ વર્ષના છોકરાઓ રડતા હતા. અમે જ્યારે ઘરે આવતા હતા ત્યારે અમને જમવાનું પણ ભાવતું નહોતું. આ લોકોએ માનવતા ગુમાવી પબ્લિક સામે તો ન જોયું પરંતુ, નાના છોકરાઓ રડતા હતા અને તેમનો સામાન રખડતો હતો. તેમનો ચૂલો નહોતો સળગતો તેમ છતાં પણ તેને પોતાની માનવતા ગુમાવી દીધી હતી. પીવાનું પાણી, ઠંડા પીણા પીવડાવવામાં આવતા હતા. મોંઘી મીઠાઈઓ આમના ગળા નીચે કેમ ઉતરી તેનો જવાબ હું માંગુ છું.મહાનગરપાલિકામાં વીડિયોગ્રાફીનો કોન્ટ્રાક્ટ રાખનાર હિતેશ ભાયાણીએ જણાવ્યું હતું કે, વીડિયોગ્રાફી માટે ૨૪ લાખનું ચૂકવણું મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં ૨૧ ફેબ્રુઆરીએ ૪૫,૨૨ મીએ ૪૫, ૨૩મીએ ૯૩, ૨૪ મીએ ૯૩, ૨૫મીએ ૧૩, ૨૬ મીએ ૧૩ અને ૨૭મીએ ૩ કેમેરામેન હતા. કોર્પોરેશનમાં વર્ષ ૨૦૨૪માં ટેન્ડર મળ્યું હતુ. જેમાં ટેન્ડર વેલ્યુ વર્ષની ૫ લાખની હોય છે. પ્રથમ વખત મને આટલું મોટું ૨૭ લાખનું ટેન્ડર મળ્યું હતુ. જોકે આ માટે મેં મારો ફ્લેટ ગિરવે રાખ્યો છે.

સૌથી વધુ વિવાદ મિનરલ વોટર અને રિફ્રેશમેન્ટના બિલને લઈને થઈ રહ્યો છે. શરૂઆતમાં પાણીનો ખર્ચ રૂ. ૧૨.૪૦ લાખ હોવાનું ચર્ચાતું હતું, જે હવે આખરી ઓડિટ સીટોમાં રૂ. ૨૩ લાખ પર પહોંચી ગયો છે. તંત્રના બચાવ પક્ષ મુજબ, ઉનાળા કે કડક તાપની સ્થિતિ વચ્ચે મોટા પાયે તૈનાત સ્ટાફ માટે રેટ કોન્ટ્રાક્ટના ૮ રૂપિયા લેખે ૨,૮૭,૫૦૦ જેટલી નાની બોટલો મંગાવવી પડી હતી. આ સિવાય સ્ટાફ અને મજૂરોના ભોજન, સવાર-સાંજના નાસ્તા તથા એનર્જી માટે રાખવામાં આવેલા લીંબુ પાણી પાછળ જ રૂ. ૨૭.૨૦ લાખ વાપરી નાખવામાં આવ્યા છે.

# મેંગોપીપલ પરિવાર દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું

રાજકોટઃ કહેવાય છે ને કે, "શિક્ષણ એ દરેક બાળકનો જન્મસિદ્ધ અધિકાર છે", પરંતુ જ્યારે ગરીબી અને મજબૂરી આ માર્ગમાં આડે આવે ત્યારે સમાજના સંવેદનશીલ લોકોએ વ્હારે આવવું જ પડે છે. રૈયાધાર વિસ્તારના ઝૂંપડાઓમાં રહીને ખુલ્લી આંખે ભણવાના સપના જોતા માસૂમ બાળકોના જીવનમાં આજે શિક્ષણનો એક નવો સૂર્યોદય થયો છે. તાજેતરમાં સેવા ક્ષેત્રે અગ્રેસર 'મેંગોપીપલ પરિવાર' દ્વારા રૈયાધારમાં કાર્યરત ફ્રી એજ્યુકેશન ક્લાસના જરૂરિયાતમંદ બાળકોની વ્હારે આવીને એક પ્રશંસનીય માનવતાભર્યું કાર્ય કરવામાં આવ્યું છે.




જે વંચિત બાળકો પાસે ક્યારેક પેન્સિલના કટકા કે ફાટેલા પુસ્તકો સિવાય અભ્યાસ માટે કોઈ સાધન નહોતું, તેવા અનેક બાળકોને મેંગોપીપલ પરિવાર તરફથી નવી નક્કોર એજ્યુકેશન કીટ અર્પણ કરવામાં આવી હતી. આ કીટમાં આકર્ષક સ્કૂલબેગ, ફુલસ્કેપ ચોપડા, પેન, પેન્સિલ, ઈરેઝર, શાર્પનર અને રંગબેરંગી કલર્સ સહિતની તમામ અભ્યાસ ઉપયોગી વસ્તુઓનો સમાવેશ થાય છે. શૈક્ષણિક સામગ્રી હાથમાં આવતા જ બાળકોની આંખોમાં જે અનન્ય ચમક અને ચહેરા પર જે નિર્દોષ સ્મિત જોવા મળ્યું હતું,

સંસ્થા દ્વારા આ સેવાનો વ્યાપ વધારવા માટે સમાજના દાનવીરોને આહવાન કરવામાં આવ્યું છે. આ કરુણાસભર અભિયાનમાં સહભાગી થઈને માસૂમોના ચહેરા પર કાયમી સ્મિત રેલાવવા અને તેમનું ભવિષ્ય બદલવા માટે આપ આપનું યથાશક્તિ યોગદાન આપી શકો છો. વિશેષ નોંધનીય છે કે સંસ્થાને આપવામાં આવતું દાન ઈન્કમટેક્સ એક્ટની કલમ ૮૦જી હેઠળ કરમુક્ત છે.

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક રામાશ્રય પાંડેયે વાંકાનેર અને સુરેન્દ્રનગર સ્ટેશનોનું નિરીક્ષણ કર્યું

## મુસાફરોની સુવિધાઓ, સ્વચ્છતા, સુરક્ષા અને ઓપરેશનલ વ્યવસ્થાઓની સમીક્ષા કરી જરૂરી સૂચનાઓ આપી



રાજકોટઃ પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેયે ૨૭ જૂન, ૨૦૨૬ ના રોજ જામનગર–વિરમગામ રેલવે સેક્શનના સુરક્ષા નિરીક્ષણ દરમિયાન રાજકોટ ડિવિઝનના વાંકાનેર જંક્શન અને સુરેન્દ્રનગર સ્ટેશનોનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે મુસાફરોની સુવિધાઓ, સ્વચ્છતા, સુરક્ષા તેમજ ઓપરેશનલ વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી અને ઉપલબ્ધ સેવાઓની ગુણવત્તા, જાળવણી તથા સેવાના ધોરણોનું અવલોકન કરીને સંબંધિત અધિકારીઓને જરૂરી દિશા-નિર્દેશો આપ્યા હતા.

વાંકાનેર સ્ટેશનનું નિરીક્ષણઃ

મહાપ્રબંધક શ્રી પાંડેયે વાંકાનેર સ્ટેશન પર પ્લેટફોર્મ, એર-કંડિશન્ડ અને સામાન્ય વેઈટિંગ રૂમ, વિવિધ સ્ટોલ, 'વન સ્ટેશન વન પ્રોડક્ટ' સ્ટોલ તેમજ સ્ટેશનના સર્ક્યુલેટિંગ એરિયાનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે મુસાફરોને પૂરી પાડવામાં આવી રહેલી સુવિધાઓની ગુણવત્તા અને તેની જાળવણીની સ્થિતિનું અવલોકન કરીને તેમાં સતત સુધારો કરવાના નિર્દેશ આપ્યા હતા.

સુરેન્દ્રનગર સ્ટેશનનું નિરીક્ષણઃ

ત્યારબાદ મહાપ્રબંધકે સુરેન્દ્રનગર સ્ટેશન પર ફૂટ ઓવર બ્રિજ (લિફ્ટ, પ્લેટફોર્મ, ઈન્ટિગ્રેટેડ ક્રૂ લોબી, વેઈટિંગ રૂમ અને સર્ક્યુલેટિંગ એરિયાનું નિરીક્ષણ કર્યું હતું અને ઉપલબ્ધ વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. તેમણે સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા અને સુરક્ષાના ધોરણો જાળવી રાખવા, મુસાફરોની સુવિધાઓને વધુ સુદ્રઢ કરવા તેમજ રેલવે ઓપરેશનને વધુ અસરકારક અને સુચારુ બનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો.

આ નિરીક્ષણ દરમિયાન મહાપ્રબંધકની સાથે રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીના સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ રેલવે અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ

## ગુજરાતની એકમાત્ર મહિલા એથ્લેટ દેવયાનીબા ઝાલા એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય

રાજકોટઃસૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવી છે. આ યુનિવર્સિટીની વિદ્યાર્થિની તથા રાજકોટની એમ.વી.એમ. મહિલા કોલેજની પ્રતિભાશાળી એથ્લેટ દેવયાનીબા ઝાલા એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય થઈ છે. ઓડિશાના ભુવનેશ્વર ખાતે ૬૫મી નેશનલ ઈન્ટર-સ્ટેટ સિનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ-૨૦૨૬ની મહિલા ૪૦૦ મીટર દોડમાં ૫૩.૨૬ સેકન્ડના ઉત્કૃષ્ટ સમય સાથે તેને બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે અને જાપાનમાં નાગોયામાં યોજાનારી એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય થઈ છે. દેવયાનીબાની સિદ્ધિએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે.



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડૉ.હરીશ રાબાએ જણાવ્યું હતું કે, દેવયાનીબા ઝાલા એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય કરનાર ગુજરાતની એકમાત્ર મહિલા એથ્લેટ બન્યા છે. ભારતમાંથી આ ઈવેન્ટ માટે પસંદગી પામેલા ત્રણ ખેલાડીઓમાં સ્થાન મેળવી તેમણે પોતાની પ્રતિભા, સતત મહેનત અને સમર્પણનો પરિચય આપ્યો છે. તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પ્રથમ મહિલા વિદ્યાર્થિની તરીકે એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય થઈ યુનિવર્સિટીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવનાર ખેલાડી બન્યા છે.

દેવયાનીબાની આ સિદ્ધિ એક દિવસની સફળતા નથી. તેમણે અગાઉ વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ માટે ક્વોલિફાય થવાની સિદ્ધિ મેળવી હતી. ત્યારબાદ વર્લ્ડ એથ્લેટિક્સ કોન્ટિનેન્ટલ ટૂરમાં મહિલા ૪૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ જીતી સમગ્ર દેશનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કર્યું હતું. ઓલ ઈન્ડિયા તથા વિવિધ રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં પણ તેમણે અનેક ચંદ્રકો જીતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત અને ભારતનું ગૌરવ વધાર્યું છે. વર્લ્ડ લેવલ પર નોંધાવેલા તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન અને ક્વોલિફાઈંગ સમયના આધારે જ આજે તેઓ એશિયન ગેમ્સ સુધી પહોંચવામાં સફળ થયા છે.

દેવયાનીબા ઝાલાની આ ઐતિહાસિક સિદ્ધિ બાદ હવે તેમનું ભારત સરકાર દ્વારા એશિયન ગેમ્સની તૈયારી માટે આયોજિત ઈન્ડિયા કેમ્પ માટે પણ સિલેક્શન થયું છે. દેશના શ્રેષ્ઠ ખેલાડીઓ સાથે તેઓ હવે વિશેષ તાલીમ મેળવી એશિયન ગેમ્સ માટે પોતાની તૈયારીઓને વધુ મજબૂત બનાવશે. આ સિદ્ધિ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે વધુ એક ગૌરવની ક્ષણ બની છે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી છેલ્લા કેટલાક વર્ષોથી રમતગમત ક્ષેત્રે સતત નવી ઊંચાઈઓ સર કરી રહી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## સક્રિય થયેલા ચોમાસાની નવી ચાલ

અનેક રાજ્યોમાં ચોમાસું સક્રિય થઈ ચૂક્યું છે બીજી બાજુ બીજી રાજ્યો એવા છે જ્યાં હજી વાદળા પણ બંધાયા નથી. ચોમાસાની આ નવી ચાલ, અર્થતંત્ર પર પ્રભાવ પાડે છે. બીજી બાજુ જે રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે ત્યાં વહીવટી તંત્ર ડિઝાસ્ટર મેનેજમેન્ટ ને સક્રિય કરી રહ્યું છે. જે રાજ્યોમાં હજુ વરસાદના સંકેત નથી તે રાજ્યો માટે સરકાર થોભો અને રાહ જોવાની નીતિ અપનાવી રહી છે.દેશના આજના મુખ્ય સમાચારોમાં સૌથી વધુ ધ્યાન ખેંચતો વિષય દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ગતિ, તેના કારણે ઊભી થયેલી પાણીની સ્થિતિ અને તેની સીધી અસર દેશના અર્થતંત્ર પર છે. હવામાન વિભાગે અનેક રાજ્યોમાં ભારે વરસાદની આગાહી કરી છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં હજુ પણ વરસાદની અનિયમિતતા ચિંતાજનક બની રહી છે. એક તરફ ગુજરાત, કેરળ, કર્ણાટક અને ઓડિશા સહિતના વિસ્તારોમાં ભારે વરસાદનું એલર્ટ છે, તો બીજી તરફ કેટલાક કૃષિપ્રધાન પ્રદેશોમાં વરસાદના વિલંબને કારણે વાવેતર અને પાક ઉત્પાદન અંગે અનિશ્ચિતતા યથાવત્ છે.ભારતનું અર્થતંત્ર આજે પણ કૃષિ સાથે ગાઢ રીતે જોડાયેલું છે. ચોમાસું માત્ર ખેડૂતો માટે જ નહીં પરંતુ મોંઘવારી, રોજગારી, ઔદ્યોગિક ઉત્પાદન, વીજ ઉત્પાદન અને સમગ્ર બજાર વ્યવસ્થાને અસર કરે છે. વરસાદ સમયસર અને સંતુલિત રહે તો ગ્રામ્ય અર્થવ્યવસ્થા મજબૂત બને છે, ગ્રાહકોની ખરીદશક્તિ વધે છે અને દેશના વિકાસદરને પણ બળ મળે છે. પરંતુ વરસાદમાં અનિશ્ચિતતા ઊભી થાય ત્યારે તેની અસર માત્ર ખેતરો પૂરતી મર્યાદિત રહેતી નથી; શહેરો, ઉદ્યોગો અને સામાન્ય નાગરિકોના જીવન સુધી તેની અસર પહોંચે છે.આ વર્ષે સૌથી મોટો પડકાર એ છે કે વરસાદનું વિતરણ સમાન નથી. ક્યાંક અતિભારે વરસાદથી પૂર જેવી સ્થિતિ ઊભી થાય છે, તો ક્યાંક લાંબા સમય સુધી વરસાદ ન પડતાં જળાશયો ખાલી રહે છે. આ પ્રકારની અસમાનતા દર્શાવે છે કે હવે માત્ર કુલ વરસાદના આંકડા પૂરતા નથી, પરંતુ વરસાદનું વિતરણ અને પાણીનું વૈજ્ઞાનિક સંચાલન વધુ મહત્વનું બની ગયું છે. હવામાન પરિવર્તનની અસર હવે સ્પષ્ટ રીતે અનુભવાઈ રહી છે અને તેની સામે પરંપરાગત વિચારસરણીથી કામ ચાલવાનું નથી.સંપાદકીય દૃષ્ટિએ જોવામાં આવે તો દેશ માટે આ પરિસ્થિતિ એક ચેતવણી સમાન છે. માત્ર વરસાદની રાહ જોવાને બદલે પાણીના સંગ્રહ, ભૂગર્ભ જળના સંરક્ષણ, નદીઓના પુનર્જીવન અને વરસાદી પાણીના સંચયને રાષ્ટ્રીય અભિયાનનું સ્વરૂપ આપવાની જરૂર છે. વિકાસનો અર્થ માત્ર નવા રસ્તા અને ઇમારતો નથી; પાણી જેવી મૂળભૂત સંપત્તિનું ટકાઉ સંચાલન પણ વિકાસનો અગત્યનો ભાગ છે.વિવિધ અખબારોના સંપાદકીય અભિપ્રાયોમાં પણ એક સામાન્ય ભાવ જોવા મળે છે કે ભારતે હવે હવામાન પરિવર્તનને ભવિષ્યની સમસ્યા તરીકે નહીં પરંતુ વર્તમાનની વાસ્તવિકતા તરીકે સ્વીકારવું પડશે. વરસાદના બદલાતા સ્વરૂપને ધ્યાનમાં રાખીને કૃષિ નીતિ, વીમા યોજના, જળસંચય અને આપત્તિ વ્યવસ્થાપનને વધુ આધુનિક અને વૈજ્ઞાનિક બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. સાથે સાથે ખેડૂતોને હવામાન આધારિત સલાહ, નવી ટેક્નોલોજી અને વૈકલ્પિક પાક પદ્ધતિઓ ઉપલબ્ધ કરાવવાની માંગ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# સહજીવન સ્વાસ્થ્ય વર્ધક અને તણાવ મૂકત રહેવાનો રાજમાર્ગ બને છે

**વિકાસ અને વિકલ્પ** -ડૉ. નાનક ભટ્ટ

સિગ્મન્ડ ફ્રોઈડ નામના માનસશાસ્ત્રીએ જગતના વિકાસ ક્રમને કામ (સેકસ) સાથે જોડી ઉત્ક્રાંતિ અને માનવ વર્તનને સમજવાનો પ્રયત્ન કર્યો.

પૃથ્વી ઉપર જીવિત પ્રાણી જગતમાં મનુષ્યને બાદ કરતાં જીવ સૃષ્ટિના તમામ એકમો હજુ પણ ભયથી બચાવ, ભુખ માટે સંઘર્ષ અને વંશ વૃદ્ધિ માટે સમૂહ સાથે જોડાવા સિવાય કશો ઉદ્દેશ દાખવતા નથી. વિકાસ ક્રમે માણસને વિકસિત મગજ આપ્યું. સાથો-સાથ તર્ક અનુસંધાન અને આનંદની અનુભૂતિનાં કેન્દ્રો આપ્યા. આથી મનુષ્યએ આનંદિત રહેવાની અનેક રીતો શોધી કાઢી છે. કામ એ માનવ શરીર અને બુદ્ધિને આનંદિત રાખવા સાથે તણાવ મૂકત થવા માટેની શ્રેષ્ઠ પ્રક્રિયા છે. આપણા શાસ્ત્રોએ પણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તેવી સ્થિતિ દર્શાવી માનવ જીવનને વધુ બળવત્તર અને સમૃદ્ધ બનાવવા પ્રયાસ કર્યો છે.

સ્ત્રીની ઉંમર ૧૩ વર્ષની થાય અને પુરુષની ઉંમર ૧૮ વર્ષની થાય તે પછી તેમના શરીરમાં આવતા રાસાયણિક ફેરફારો સાથે કામ એક રુચિ તરીકે ઊભરી આવે છે. શરીરના કામજન્ય સમન્વયથી પ્રજોત્પતિનો હેતુ પ્રાકૃતિક રીતે સધાય છે. પરંતુ બદલાતા સામાજિક પરિવેશમાં હવે કામજન્ય સ્થિતિને વિશેષ રીતે આનંદ સાથે જોડી દેવાની ઘેલછા વધી છે. એક વિષય તરીકે કામુકતા જગાવતી વાતો, તસવીરો અને નૃત્યો રજૂ કરી કેટલાક લોકો ઊંચી કમાણી કરી રહ્યા છે. શરીરમાં ઉત્તેજના પ્રેરી શકે તેવાં માદક દ્રવ્યો લઈ શરીરના આનંદમાં વધારો કરતા રહેવાની. સ્ટ્રેસ ફ્રી થવાની વૃત્તિ આજકાલ પ્રચલિત બની છે.

પ્રાચીનકાળમાં કામવૃત્તિનો ઉદ્દેશ વંશવૃદ્ધિ સાથે જોડાયેલો હતો, મધ્યકાલીન યુગમાં તેજસ્વી પ્રજાના નિર્માણ સાથે કામ પ્રવૃત્તિને જોડવાનો વિચાર આકાર પામ્યો હતો. પણ અર્વાચીન યુગમાં કામ આનંદ અને તનાવ મુક્તિ સાથે જોડાયો છે. જો કે કામનાનો સુવિકસિત વિચાર અકાળે મૃત્યુ પામ્યો હોઈ કામના વિકાસનો ખ્યાલ આધુનિક ભારત માં વિકસતા અટકી ગયો છે.

...આર્યો પહેલાંનાં સમયમાં કામ (સેકસ)એ તાંત્રિક સાધનાનો પ્રકાર હતો. પરંતુ શંકરાચાર્યજીએ તાંત્રિકો અને કર્મકાંડીઓના સકંજામાંથી સમાજને મુક્તિ અપાવવા વૈદિક ધર્મનો વિચાર આવ્યો. પોતાના વિચારને દઢીભૂત કરવા પણ સમયની માંગ અનુસાર બ્રહ્મચર્યને અનુસરતા સન્યાસીઓની પ્રતિષ્ઠિત પરંપરા રચી. આથી ગૃહસ્થી લોકો બીજા સ્તરના નાગરિકો ગણાયા. પરંતુ રાજ્ય વ્યવસ્થા જેમ બળવત્તર બની તેમ રાજાઓ પ્રથમ સ્તરના નાગીરકની રૂએ કામ જીવનનો આનંદ લેતા, અનેક પત્નીઓ રાખતા અને ગૌરવ અનુભવતા. પરિણામે સ્થાપત્યમાં કોણાર્ક અને ખજુરાહો રચાયાં. રાગમાં બહાર અને આશાવરી રચાયા, રસમાં શ્રૃંગાર અને મુદ્રાઓમાં આસનો જાણીતાં થયાં. પરંતુ આ બધું એક ખાસ વર્ગ માટે રહ્યું હતું.અને અંગ્રેજકાળમાં સૈનિકોના મનોરંજન માટે સ્ત્રીદેહનું જાહેર પ્રદર્શન, ગુલામ સ્ત્રીઓ સાથે મૂક્ત આચાર નામે જાતીય શોષણ થવા લાગતાં કામ અધિકાર સ્વરૂપે જન સામાન્ય સુધી ફેલાયુ. જોકે પોતાને સંસ્કારી ગણાવતા મધ્યમવર્ગ અને ગરીબ લોકો માટે તો કામ આજે પણ વંશવૃદ્ધિ માટેની પ્રવૃત્તિથી કંઈ વિશેષ નથી રહ્યું.

ગાંધીયુગમાં બ્રહ્મચર્યને જીવનની આચારસંહિતા તરીકે વિકસાવવા ભરપૂર પ્રયત્નો થયા. ૧૯૬૦થી ૧૯૮૦ના દાયકામાં રજનીશજીએ કામને માનવ ચેતના સાથે જોડી એક નવો અનુબંધ આપ્યો. માનવ ચેતનાના પ્રાગટ્યમાં કામ પણ એક મહત્ત્વનો સ્વીકાર છે તેવું પ્રસ્થાપિત કર્યું. નારી મુક્તિના હિમાયતીઓના ૧૯૫૦ પછીનાં આંદોલનમાં સ્ત્રીને જાતીય શોષણથી મુક્ત રહેવાનો અધિકાર અપાયો એટલુ જ નહીં પણ દાયકાથી મૌન સ્ત્રીઓ હવે પોતાના જાતીય આનંદના અધિકારને પોકારી શકી...

આમ છતાં જીવનક્રમનાં લાખો વર્ષ વીતવા છતાં પૃથ્વી ઉપરના બીજા જીવો માટે કામ પ્રજોત્પતિ સુધી જ મર્યાદિત રહ્યો છે. જ્યારે મનુષ્યજાતિએ કામને શરીર આનંદ સાથે જોડી પ્રજા-ઉત્પત્તિનો હેતુ ગૌણ બનાવ્યો છે.શરીર રચનાની રીતે સ્ત્રીઓને બાળ જન્મની પ્રક્રિયામાં એકાંગી રીતે જોતરવાનું ન હોત તો સમાજ વ્યવસ્થાની પાર વીનાની ગૂંચો આપોઆપ ઉકેલાઈ જાત. પણ સ્ત્રી શરીરની જૈવિક મર્યાદાની આડઅસર તરીકે પવિત્રતા, વફાદારી અને સરવાળે લગ્નના બંધનને સામાજિક મૂલ્ય તરીકે જાણીતું બનાવી દેવાયું છે, પરંતુ આધુનિક સમાજે જે સ્ત્રીઓને બાળકના જન્મની જવાબદારી ન જોઈતી હોય તેને ગર્ભ નિરોધક સાધનો અને દવાની મદદથી તેમાંથી મુક્ત રહેવાની મોકળાશ આપી છે. તેમ મિત્ર ભાવે સહજીવન જીવવા માગતાં સ્ત્રી-પુરુષને લિવ ઈન રિલેશનની સમજથી સાથે રહેવાનો ન્યાયિક અભિગમ અપનાવી બૌદ્ધિક કામને સમૃદ્ધ કર્યો છે.

આધુનિક યુગમાં તો બાળકનાં જન્મને પીડા અને ખર્ચાળ જીવન સાથે જોડી દેવામાં આવ્યો છે ત્યારે એ આઈ ના સહારે કામના આનંદનો હેતુ મજબૂત કરવામાં આવી રહ્યો છે. સ્ત્રીઓની જૈવિક રચનાથી ઉદ્દભવેલા સૌંદર્યને જાહેર ખબરના પાટિયે, ફિલ્મના પડદે દેખાડાય કે પછી રિસેપ્શનિસ્ટ તરીકે ઉપયોગમાં લેવાય, સ્ત્રીઓના સ્નેહ અને ધીરજના ગુણને શિક્ષક અને નર્સ તરીકેના વ્યવસાય સાથે જોડાય કે પછી સ્ત્રીઓના મસ્તિષ્કના અગ્રભાગે રહેલા કોષોની પ્રગાઢતાને કોઈ કંપનીનાં વફાદાર અધિકારી તરીકે ઉપયોગમાં લેવાય અને વ્યવસાયના ભાગરૂપે સ્ત્રી-પુરુષ અનુકૂળતા મુજબ પરસ્પરને કામ-આનંદ સાથે જોડી રાખે છે તો પણ બૌદ્ધિક કામનો હેતુ તો સરતો નથી. મધ્ય યુગમાં પ્રચલિત બનેલા બૌદ્ધિક કામનો અભિગમ એટલે "સ્ત્રી અને પુરુષ શરીરની મુક્ત અભિવ્યક્તિ અને તેજસ્વી સંતાનોનું નિર્માણ !!!" તમામ માતાપિતા જાણે છે કે પોતાનું પહેલું સંતાન મહદંશે એક અકસ્માત હોય છે. માતા-પિતાના પ્રથમ બાળકની ભાવુકતાના મૂળમાં તો મા-બાપની પ્રથમ મિલનની સંવેદનશીલતા પડઘાય છે. પરંતુ પાંચેક વર્ષ વીત્યા પછી પતિ-પત્ની જાતીય વ્યવહાર પ્રત્યે વધુ આનંદિત અને ઓછાં સંવેદનશીલ બન્યાં હોય તે પછીનું બીજું બાળક તરવરાટ અને ચતુરાઈનું પ્રતીક બની રહે છે. આ અનુભવ તમામ સંસારીઓને છે. આ પરિવર્તનશીલનું કારણ પતિ પત્નીના ઈન્ટેલેક્ચ્યુઅલ સેકસમાં રહેલું છે, બદલાયેલી અવસ્થામાં થયેલા સમાયોજનામાં રહેલું છે. આ ઈન્ટેલેક્ચ્યુઅલ સેકસની વાત હવે ચર્ચાવી જોઈએ. સ્ત્રી-પુરુષના કામમાં બૌદ્ધિકતા જળવાઈ રહે તે અંગેના અભિગમની વાત ચર્ચાવી જોઈએ જેથી આપણા દેશનું તમામ પહેલું સંતાન વધુ બુદ્ધિમાન બની રહે. બૌદ્ધિક કામ તાર્કિક બને, સ્વીકાર્ય બને તો બૌદ્ધિક કામ દ્વારા બૌદ્ધિક સંતાનોની ઉત્પત્તિના ખ્યાલને પ્રચલિત બનાવવા કયાંય પહેલ થાય તો નવા યુગનું મંડાણ સહેલું બની શકે.

# થોડું પોતાના માટે પણ જીવો




**વિશેષ**

સામાન્ય રીતે ભારતીય મહિલાઓ પોતાના કરતાં પોતાના પરિવારજનો માટે વધુ જીવે છે. કુટુંબના નાના-મોટા સઘળા સભ્યોની નાનામાં નાની બાબતની કાળજી લેવામાંય તે પાછીપાની નથી કરતી. આવી સ્થિતિમાં તેને પોતાનું ધ્યાન રાખવાનો સમય જ નથી મળતો. પરંતુ જો તમે આયખાના ૫૦ વર્ષ પૂરાં કરી દીધાં હોય તો હવે થોડું થોડું પોતાના માટે પણ જીવતાં શીખો. કહેવાનો અર્થ એ છે કે હવે પોતાની કાળજી લેવાનો સમય પાકી ગયો છે. નિષ્ણાત તબીબો પણ આ વાત સાથે સંમત થતાં કહે છે..,

ઉંમરના પાંચ દશક વટાવી લીધાં પછી મહિલાઓના શરીરમાં ઘણાં બદલાવ આવે છે. તેઓ શારીરિક અને ભાવનાત્મક પરિવર્તન અનુભવે છે. આ વયમાં તેમની માંસપેશીઓ સંકોચવા લાગે છે અને ત્વચા પર કરચલીઓ દેખાવાનો આરંભ થઈ જાય છે. આવી સ્થિતિમાં આ ઉંમરમાં સ્વસ્થ-સુંદર રહેવા અને ચહેરાની રોનક જાળવી રાખવા પોતાની જીવનશૈલીમાં થોડું પરિવર્તન કરવું જરૂરી બની જાય છે.

સૌથી પહેલા તો તમને જે પ્રવૃત્તિમાં આનંદ આવે તે કરો. ચાહે તે પ્રવાસ હોય, મેડિટેશન હોય કે સખી-સહેલીઓને મળવાનું હોય. જો તમે આટલું પણ નહી કરો તો શારીરિક અને ભાવનાત્મક રીતે થાકી-કંટાળી જશો. આવી સ્થિતિમાં તમારો સ્વભાવ ચીડચીડિયો થઈ જાય એવું પણ બને.

આ ઉંમરમાં હૃદયના સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું એટલું જ જરૂરી છે. તેને માટે નિયમિત રીતે બ્લડ પ્રેશર, બ્લડ ગ્લુકોઝ લેવલ, કોલેસ્ટરોલનું સ્તર, તેમ જ હૃદયને લગતાં અન્ય ચેક અપ કરાવતાં રહો. હૃદય જેવા મહત્વના અવયવમાં આવેલી નાની અમસ્તી ક્ષતિ પણ ૫૦ વર્ષ વટાવી લીધાં પછી ભારે પડી શકે છે.

વધતી જતી વય સાથે પેટમાં એસિડનું ઉત્પાદન આપોઆપ ઘટવા લાગે છે. આવી સ્થિતિમાં શરીરમાં કેલ્શિયમ, વિટામીન ડી, વિટામીન બી-૧૨ની ઊણપ સર્જાય છે જે શરીર અને મગજની કામગીરીમાં અડચણ પેદા કરે છે. બહેતર છે કે આ સઘળા તત્વો પૂરતાં પ્રમાણમાં મળી રહે એવો આહાર લો અને જરૂર પડયે સપ્લીમેન્ટ્સ લેવામાં પણ પાછીપાની ન કરો.

ઉંમરના પાંચ દાયકા વટાવતી સ્ત્રીને રજોનિવૃત્તિ આવી ગઈ હોય છે અથવા તે આ તબક્કામાંથી પસાર થતી હોય છે. સ્વાભાવિક રીતે જ આ સમય દરમિયાન તેના શરીરમાં એસ્ટ્રોજન હોર્મોન્સની કમી પેદા થાય છે જેને પગલે તેના હાડકાં, માંસપેશીઓ નબળાં થવા લાગે છે. સાથે સાથે તેનું વજન વધે છે જે હાઈ બ્લડ પ્રેશર કે મધુપ્રમેહનું કારણ બને છે. આ સમસ્યાઓને અંકુશમાં રાખવા નિયમિત રીતે વ્યાયામ કરો. દરરોજ એક કલાક કસરત કરો અથવા ચાલો. વ્યાયામ એન્ડોર્ફિન તણાવ ઓછું કરવા સાથે વજન વધતું રોકવામાં પણ મદદ કરે છે. જોકે કોઈપણ યોગ કરવાનું વિચારતા હો તો સૌથી પહેલા તમારા તબીબની સલાહ લો. ત્યાર પછી પણ યોગ નિષ્ણાતની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ જ યોગ કરવાનું શરૂ કરો.

૫૦ વર્ષ સુધી પહોંચતા હાડકાં અને માંસપેશીઓ નબળી પડવા લાગતી હોવાથી શરીર માટે વિટામીન 'ડી' અત્યાવશ્યક બની જાય છે. આવી સ્થિતિમાં જો તમે વૉક કરવા જતાં હો તો કુણા તડકામાં ચાલો. વજન વધી ન જાય તેના માટે ઓછી કેલરી અને વધુ રેષા ધરાવતો ખોરાક લો. મોસમી ફળો અને લીલા શાકભાજી ઉપરાંત ફ્લેક્સ સીડ્સ લો. ફ્લેક્સ સીડ્સમાં ઓમેગા-૩ પ્રચૂર પ્રમાણમાં હોય છે. તે ધમનીઓ સ્વસ્થ રાખવા સાથે એસ્ટ્રોજનનું સ્તર સંતુલિત રાખવામાં સહાયક બને છે. તેવી જ રીતે હાડકાં મજબૂત રાખવા કેલ્શિયમની કમી પૂરી કરતાં છોલે, દૂધ, પનીર, દહીં, આમળા જવા ખાદ્ય પદાર્થોનું નિયમિત રીતે સેવન કરો. ચાળીસી વટાવી ગયા પછી ટામેટાં પણ પૂરતાં પ્રમાણમાં લો. ટામેટાંમાં રહેલું લાઈકોપીન હૃદયરોગ અને કેન્સરનું જોખમ ઘટાડે છે.

# જલસંચય માટે સહિયારો પરૂષાર્થ આવશ્યક

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

ચોમાસાની ઋતુ માત્ર હરિયાળી અને ઠંડક લઈને આવતી નથી, પરંતુ તે પ્રકૃતિ દ્વારા મળતી અમૂલ્ય જળસંપત્તિનું સંવર્ધન કરવાની અનોખી તક પણ આપે છે. વરસાદના કરોડો લીટર પાણીનો મોટો હિસ્સો યોગ્ય આયોજનના અભાવે નદીઓ મારફતે સમુદ્રમાં વહી જાય છે, જ્યારે થોડા જ મહિનાઓ પછી અનેક શહેરો અને ગામડાંઓમાં પીવાના પાણીની તંગી સર્જાય છે. આ વિરોધાભાસ દર્શાવે છે કે સમસ્યા વરસાદની અછત કરતાં વધુ પાણીના યોગ્ય સંચાલનની છે.

### ભારત જેવા દેશ માટે જલ સંચય હવે માત્ર પર્યાવરણનો મુદ્દો નથી, પરંતુ આર્થિક વિકાસ, કૃષિ ઉત્પાદન, ઔદ્યોગિક પ્રગતિ, જાહેર આરોગ્ય અને સામાજિક સ્થિરતા સાથે સીધો જોડાયેલો વિષય બની ગયો છે.

ભારત જેવા દેશ માટે જલ સંચય હવે માત્ર પર્યાવરણનો મુદ્દો નથી, પરંતુ આર્થિક વિકાસ, કૃષિ ઉત્પાદન, ઔદ્યોગિક પ્રગતિ, જાહેર આરોગ્ય અને સામાજિક સ્થિરતા સાથે સીધો જોડાયેલો વિષય બની ગયો છે. વરસાદી ઋતુના આ દિવસો દરેક વ્યક્તિ, પરિવાર, સંસ્થા અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ માટે જળ સંચયના મિશનમાં જોડાવાનો શ્રેષ્ઠ સમય છે.

પૃથ્વી પર પાણીનું પ્રમાણ વિશાળ હોવા છતાં પીવાલાયક મીઠા પાણીનો જથ્થો ખૂબ મર્યાદિત છે. વધતી વસ્તી, શહેરીકરણ, ઔદ્યોગિક વિકાસ અને ભૂગર્ભ જળના અતિશય ઉપયોગને કારણે અનેક વિસ્તારોમાં પાણીનું સ્તર સતત નીચે જઈ રહ્યું છે. આબોહવા પરિવર્તનના કારણે વરસાદનું સ્વરૂપ પણ બદલાઈ રહ્યું છે. ઓછા દિવસોમાં ભારે વરસાદ પડતો હોવાથી મોટાભાગનું પાણી જમીનમાં ઉતર્યા વગર વહેણમાં વહી જાય છે.આ પરિસ્થિતિમાં વરસાદના દરેક ટીપાને સાચવવાનો અભિગમ અપનાવવો સમયની માંગ બની ગયો છે. જળ સંચય માત્ર પાણી બચાવતું નથી, પરંતુ ભૂગર્ભ જળનું પુનર્ભરણ કરીને ભવિષ્યની પાણીની જરૂરિયાત પણ પૂરી કરવામાં મદદરૂપ બને છે.

શહેરોમાં જલ સંચયની નવી દિશા

ભારત ઝડપથી શહેરીકરણ તરફ આગળ વધી રહ્યું છે. ઊંચી ઈમારતો, સિમેન્ટના રસ્તાઓ અને કોંક્રિટના વિસ્તારોને કારણે વરસાદી પાણી જમીનમાં ઉતરી શકતું નથી. પરિણામે એક તરફ પાણીનો બગાડ થાય છે અને બીજી તરફ ભારે વરસાદમાં શહેરી પૂર જેવી સ્થિતિ સર્જાય છે.

શહેરોમાં દરેક રહેણાંક મકાન, એપાર્ટમેન્ટ, સરકારી કચેરી, શાળા, કોલેજ, હોસ્પિટલ, મોલ અને ઉદ્યોગોમાં રૂફટોપ રેઈનવોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ફરજિયાત બનાવવી જોઈએ. છત પરથી પડતું વરસાદી પાણી પાઈપ દ્વારા ફિલ્ટર કરીને ભૂગર્ભ ટાંકીમાં સંગ્રહિત કરી શકાય અથવા રિચાર્જ કૂવામાં ઉતારી શકાય.

શહેરોમાં પાર્ક, બગીચા અને ખુલ્લી જગ્યાઓમાં રિચાર્જ પિટ, પરકોલેશન પિટ અને સોક પિટનું નિર્માણ કરવામાં આવે તો વરસાદી પાણી જમીનમાં ઉતરી શકે છે. રોડની બાજુમાં વરસાદી પાણી માટે અલગ ડ્રેનેજ અને રિચાર્જ વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો પાણીનો વ્યય ઘટાડી શકાય છે.મોટા ઔદ્યોગિક વિસ્તારોમાં પણ વરસાદી પાણીના સંગ્રહને ફરજિયાત બનાવવાથી ભૂગર્ભ જળ પરનો ભાર નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે.

ગામડાંઓમાં જલ સંચયની પરંપરાને આધુનિકતા સાથે જોડવાની જરૂર

ભારતના ગામડાંઓમાં જળ સંચયની સમૃદ્ધ પરંપરા રહી છે. તળાવો, વાવ, કૂવા, ચેકડેમ અને નાના બંધો ગ્રામ્ય જીવનનો અભિન્ન ભાગ રહ્યા છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં આ પરંપરાગત જળસ્ત્રોતોની અવગણના થવાથી અનેક વિસ્તારોમાં પાણીની સમસ્યા ઊભી થઈ છે.ગામડાંઓમાં વરસાદ પહેલાં તળાવોનું ઊંડાણ વધારવું, ગાદ દૂર કરવી અને પાણી સંગ્રહ ક્ષમતા વધારવી જરૂરી છે. નાના ચેકડેમ, બોરીબંધ, ખેત તળાવડી અને પરકોલેશન ટાંકા બનાવીને વરસાદી પાણી રોકી શકાય છે.ખેડૂતો પોતાના ખેતરમાં ખેત તળાવડી બનાવે તો વરસાદી પાણીનો સંગ્રહ થઈ શકે છે, જેનો ઉપયોગ ઉનાળામાં સિંચાઈ માટે થઈ શકે છે. આ ઉપરાંત ભૂગર્ભ જળનું સ્તર પણ વધે છે, જેના કારણે આસપાસના કૂવા અને બોરવેલ લાંબા સમય સુધી પાણી આપતા રહે છે.

ગૌચર જમીન, ટેકરી વિસ્તાર અને જંગલોમાં કન્ટૂર ટ્રેન્ચ, સ્ટોન બંડિંગ અને વનસ્પતિ આવરણ વધારવાથી વરસાદી પાણીનું જમીનમાં શોષણ વધે છે.

જળ સંચય માટે મોટા ખર્ચની જરૂર નથી. દરેક પરિવાર નાના પ્રયત્નોથી પણ મોટું યોગદાન આપી શકે છે. ઘરની છત પરથી પડતું વરસાદી પાણી ટાંકીમાં સંગ્રહ કરી શકાય છે. આ પાણીનો ઉપયોગ બગીચા, સફાઈ, વાહન ધોવા અને અન્ય ગેરપીવાના ઉપયોગ માટે થઈ શકે છે.


ઘરમાં પાણીનો બગાડ અટકાવવો પણ જળ સંચયનો મહત્વપૂર્ણ ભાગ છે. ટપકતા નળનું સમારકામ, પાણી બચાવતી ફિટિંગ્સનો ઉપયોગ અને પાણીનો મિતવ્યયી ઉપયોગ સમાજમાં જળ સંરક્ષણની સંસ્કૃતિ વિકસાવે છે.

ભારતીય કૃષિ વરસાદ પર નિર્ભર છે. અનિયમિત વરસાદને કારણે ખેડૂતોને ભારે નુકસાન સહન કરવું પડે છે. જો વરસાદી પાણીનો યોગ્ય સંગ્રહ કરવામાં આવે તો કૃષિ વધુ સ્થિર બની શકે છે.

ટપક સિંચાઈ અને ફુવારા પદ્ધતિ જેવી આધુનિક સિંચાઈ તકનીકો પાણીનો ઉપયોગ નોંધપાત્ર રીતે ઘટાડે છે. ખેત તળાવડી, ચેકડેમ અને રિચાર્જ કૂવા દ્વારા વરસાદી પાણી સાચવીને ખેડૂતો આખું વર્ષ પાણીની ઉપલબ્ધિ જાળવી શકે છે.

જમીનમાં કાર્બનિક તત્વો વધારવાથી પણ પાણી ધારણ કરવાની ક્ષમતા વધે છે. વૃક્ષારોપણ અને જમીન સંરક્ષણના પગલાં વરસાદી પાણીના સંચયમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

વૈશ્વિક તાપમાનમાં વધારો અને આબોહવા પરિવર્તનના કારણે વરસાદની અનિશ્ચિતતા વધી રહી છે. ક્યારેક ભારે વરસાદ અને ક્યારેક લાંબા સમય સુધી દુષ્કાળ જેવી પરિસ્થિતિ સર્જાય છે.



જલ સંચય આબોહવા પરિવર્તન સામે સૌથી અસરકારક અનુકૂલન વ્યૂહરચનાઓમાંની એક છે. વરસાદી પાણી જમીનમાં ઉતારવાથી ભૂગર્ભ જળ સમૃદ્ધ બને છે, વૃક્ષો અને વનસ્પતિને પૂરતું પાણી મળે છે અને સમગ્ર પર્યાવરણનું સંતુલન જળવાઈ રહે છે.

જળ સંચય માત્ર સરકારની જવાબદારી નથી. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, શાળાઓ, કોલેજો, ઉદ્યોગો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સામાન્ય નાગરિકો સૌએ મળીને આ અભિયાનને જનઆંદોલન બનાવવું પડશે.

નવી ઈમારતોમાં વરસાદી પાણીના સંચયની વ્યવસ્થા ફરજિયાત બનાવવી, જૂની ઈમારતોમાં તેને પ્રોત્સાહન આપવું, ગ્રામ પંચાયતો દ્વારા તળાવો અને ચેકડેમનું નિયમિત જતન કરવું તેમજ શાળાઓમાં જળ સંરક્ષણ અંગે પ્રાયોગિક શિક્ષણ આપવું સમયની જરૂરિયાત છે.

દર વર્ષે ચોમાસા પહેલાં ગામ અને શહેર સ્તરે જળ સંચય માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવે તો પાણીની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો શક્ય બને છે.

વિશ્વના અનેક દેશોમાં પાણીની અછત ગંભીર સમસ્યા બની રહી છે. ભારત માટે પણ આવનારા સમયમાં પાણી સૌથી કિંમતી કુદરતી સંપત્તિ બનશે. આજે વરસાદના દરેક ટીપાને સાચવવામાં આવશે તો આવતી પેઢીને પાણી માટે સંઘર્ષ કરવો નહીં પડે.

જલ સંચય કોઈ એક દિવસનું કામ નથી; તે જીવનશૈલી છે. શહેરોમાં આધુનિક ટેક્નોલોજી અને ગામડાંઓમાં પરંપરાગત જળસંચય પદ્ધતિઓનું સંયોજન કરીને જ પાણીની સમસ્યાનો લાંબા ગાળાનો ઉકેલ મળી શકે છે. દરેક ઘર, દરેક શાળા, દરેક ખેતર અને દરેક સંસ્થા જો પોતાના સ્તરે વરસાદી પાણીનો સંગ્રહ શરૂ કરે તો દેશની જળ સુરક્ષા વધુ મજબૂત બની શકે છે.વરસાદની દરેક બુંદ પ્રકૃતિની અમૂલ્ય ભેટ છે. તેને વહી જવા દેવાને બદલે જમીનમાં ઉતારવી અને ભવિષ્ય માટે સાચવવી એ આજના સમયનું સૌથી મોટું પર્યાવરણીય કર્તવ્ય છે. જલ સંચય દ્વારા માત્ર પાણી જ નહીં, પરંતુ કૃષિ, પર્યાવરણ, અર્થતંત્ર અને માનવ જીવનનું ભવિષ્ય પણ સુરક્ષિત બને છે. ચોમાસાની આ અનુકૂળ ઋતુ જળ સંચય માટે શ્રેષ્ઠ તક છે. જો આજે આપણે સંકલ્પપૂર્વક જળ સંચયનું કાર્ય હાથ ધરીએ, તો આવતીકાલે પાણીની અછત નહીં પરંતુ જળસમૃદ્ધ અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ શક્ય બનશે.

# મહિલા ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતીય ટીમની સફર પૂરી : ઓસ્ટ્રેલિયા સામે થયો પરાજય

લંડન,

અહીં લૉર્ડસના ઐતિહાસિક ગ્રાઉન્ડ પર રવિવારે મહિલાઓની વન-ડેનું વર્લ્ડ ચૅમ્પિયન ભારત ટી-૨૦ના વિશ્વ કપમાં અંતિમ લીગ મૅચમાં પરાજિત થતાં ટૂર્નામેન્ટની બહાર થઈ ગયું હતું. ઑસ્ટ્રેલિયા સામેની ક્વૉર્ટર ફાઇનલ જેવી મૅચમાં હરમનપ્રીત કૌર ઍન્ડ કંપનીનો છ વિકેટે પરાજય થયો હતો. એલીસ પેરી (૫૬ રન) અને ઍશ્લેઇ ગાર્ડનરે (૫૩ અણનમ) હાફ સેન્ચુરી ફટકારી હતી. ભારત વતી સ્પિનર શ્રી ચરનીએ સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

જોકે ભારતીય ટીમ ભૂતપૂર્વ વિશ્વ વિજેતા ઑસ્ટ્રેલિયાને લડત આપીને હારી હતી. ભારતે ૧૭૧ રનનો લક્ષ્યાંક આપ્યા બાદ સૉફી મૉલિન્યૂક્સના સુકાનમાં ઑસ્ટ્રેલિયાની ટીમે ૧૯ ઓવરમાં ચાર વિકેટે ૧૭૨ રન બનાવીને સેમિ ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. ભારત પરાજિત થતાં સાઉથ આફ્રિકાને ગ્રૂપ-૧માંથી આપોઆપ સેમિ ફાઈનલમાં જવા મળ્યું છે.



એ પહેલાં, વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં પહોંચવા ઝઝૂમી રહેલી ભારતીય ટીમે બૅટિંગ લીધા પછી ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૭૦ રન બનાવ્યા હતા જેમાં કૅપ્ટન હરમનપ્રીત કૌરના ૫૬ રન હાઇએસ્ટ હતા. એમાં તેના ત્રણ છગ્ગા, છ ચોગ્ગા સામેલ હતા. વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના (૩૮ રન) અને શેફાલી વર્મા (૩૪ રન)ના સાધારણ યોગદાન હતા, જ્યારે જેમિમા રૉડ્રિગ્સ પોતાના ૩૪મા રને રિટાયર આઉટ થઈ હતી. ભારતની દમદાર બોલિંગ લાઇન-અપનો ઑસ્ટ્રેલિયાએ વળતો જવાબ આપ્યો હતો.રવિવારે સાંજે આ જ મેદાન પર બાંગ્લાદેશ સામે સાઉથ આફ્રિકા ચાર વિકેટે જીતી ગયું હતું. ગ્રૂપ-ટૂમાંથી ઈંગ્લૅન્ડ અને વેસ્ટ ઇન્ડિઝ સેમિમાં પહોંચી ગયા છે. ભારતીય ટીમમાં નંદની શર્માના સ્થાને ક્રાંતિ ગૌડને ફરી ટીમમાં સમાવવામાં આવી હતી, જ્યારે ઑસ્ટ્રેલિયાએ અલાના કિંગના સ્થાને ફીબી લિચફીલ્ડને ઈલેવનમાં સમાવી હતી.

# ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર અને કેપ્ટન બેન સ્ટોક્સની અચાનક નિવૃત્તિની જાહેરાત

નૉટિંગમ,

ઇંગ્લૅન્ડના ઑલરાઉન્ડર અને કૅપ્ટન બેન સ્ટૉક્સે જાહેર કર્યું છે કે અહીં ન્યૂ ઝીલૅન્ડ સામે ચાલી રહેલી ત્રીજી ટેસ્ટ તેની આંતરરાષ્ટ્રીય ક્રિકેટની અંતિમ મૅચ છે. તેણે જાહેરાત કરી છે કે તે આ ટેસ્ટને અંતે નિવૃત્તિ લેશે.

સોમવાર, ૨૯મી જૂન આ ટેસ્ટનો અંતિમ દિવસ છે અને એ બેન સ્ટૉક્સની શાનદાર કારકિર્દીનો પણ આખરી દિવસ બનશે. તેણે આ જાહેરાત રવિવારે મૅચના ચોથા દિવસે કરી હતી. ૩૫ વર્ષના સ્ટૉક્સની કરીઅરના ટૂંકમાં આંકડા આ મુજબ છેઃ (૧) ૧૨૧ ટેસ્ટમાં ૭,૨૨૮ રન અને ૨૪૬ વિકેટ (૨) ૧૧૪ વન-ડેમાં ૩,૪૬૩ રન અને ૭૪ વિકેટ (૩) ૪૩ ટી-૨૦માં ૫૮૫ રન અને ૨૬ વિકેટ.

૨૦૧૯માં ન્યૂ ઝીલૅન્ડ સામેની વન-ડે વર્લ્ડ કપ ડબલ ટાઈવાળી ફાઇનલની જીત સ્ટૉક્સની ૧૫ વર્ષની અસાધારણ કારકિર્દીની સર્વશ્રેષ્ઠ મૅચ હતી. ઇંગ્લૅન્ડને ૨૦૨૨માં ટી-૨૦ વર્લ્ડ કપનો તાજ અપાવવામાં પણ તેનું મહત્ત્વનું યોગદાન હતું. એ જ વર્ષમાં તેને કૅપ્ટન્સી મળી હતી.ન્યૂ ઝીલૅન્ડ સામેની



વર્તમાન ટેસ્ટ શ્રેણીની પ્રથમ મૅચ વખતે સ્ટૉક્સ નાઇટક્લબના વિવાદને કારણે ચર્ચાસ્પદ થયો હતો. શિસ્તભંગના પગલાં તરીકે તેને શ્રેણીની બીજી ટેસ્ટની બહાર કરવામાં આવ્યો હતો અને હવે ત્રીજી ટેસ્ટની મધ્યમાં તેણે રિટાયરમેન્ટ જાહેર કરી દીધું છે.

# આયર્લૅન્ડ સામે ભારતની બીજી શરમજનક હાર : શ્રેણી ગુમાવી

મુંબઈ,

ભારતીય ક્રિકેટ ટીમ માટે આયર્લૅન્ડનો પ્રવાસ એક ખરાબ સ્વપ્ન સમાન સાબિત થયો છે. પ્રથમ T20 મેચમાં ૩૪ રનથી હાર્યા બાદ, બીજી મેચમાં પણ ભારતનો શરમજનક પરાજય થયો છે. જીતવા માટેના ૧૫૫ રનના લક્ષ્યાંક સામે ભારતીય ટીમ ૨૦ ઓવરમાં માત્ર ૧૫૩ રન જ બનાવી શકી હતી. સતત બીજી કારમી હારના કારણે ટીમ ઈન્ડિયાએ આ ્૨૦ સિરીઝ પણ ગુમાવી દીધી છે, જે ભારતીય ક્રિકેટ માટે અત્યંત આઘાતજનક બાબત છે.ટોસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી આયર્લેન્ડની ટીમે મજબૂત શરૂઆત કરી હતી. હેરી ટેક્ટરે ૪૭ બોલમાં ૫ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી સૌથી વધુ ૫૩ રન ફટકાર્યા હતા. બેન કેલિટ્ઝે




૨૩ બોલમાં ઝડપી ૩૭ રન બનાવ્યા, જેમાં ૩ ચોગ્ગા અને ૨ છગ્ગા સામેલ હતા. રોસ અદૈરે ૭ બોલમાં ૧ ચોગ્ગો અને ૨ છગ્ગા મારી ૧૬ રન જોડ્યા હતા. લોર્કન ટકરે ૧૮ બોલમાં ૨ ચોગ્ગા સાથે ૧૫ રન અને જ્યોર્જ ડોકરેલે ૧૪ બોલમાં ૧ ચોગ્ગો અને ૧ છગ્ગો ફટકારી ૧૯ રન બનાવ્યા હતા. જ્યારે ટિમ ટેક્ટરે ૬ બોલમાં ૧ ચોગ્ગા સાથે ૫ રન કર્યા હતા. લિયમ મેકકાર્થી ૨ રન અને જય મૂન્દ્રા ૧ રને અણનમ રહ્યા હતા, જેથી ટીમનો સ્કોર ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૫૪ રન સુધી પહોંચ્યો હતો.ભારતીય બોલરોએ મેચમાં વાપસી કરાવવાનો પૂરો પ્રયાસ કર્યો હતો. જેમાં પ્રિન્સ યાદવ સૌથી સફળ બોલર રહ્યો, જેણે ૪ ઓવરમાં માત્ર ૨૨ રન આપીને ૩ મહત્વપૂર્ણ વિકેટ ઝડપી હતી. શિવમ દુબેએ પણ સારી બોલિંગ કરી ૩ ઓવરમાં ૨૫ રન આપીને ૨ વિકેટ લીધી હતી. અર્શદીપ સિંહે ૪ ઓવરમાં ૩૫ રન આપીને ૨ સફળતા મેળવી હતી. હર્ષિત રાણાએ કરકસરયુક્ત બોલિંગ કરતા ૩ ઓવરમાં ૧૭ રન આપી ૧ વિકેટ મેળવી હતી. જોકે, સૂર્યાંશ શેડગેએ ૨ ઓવરમાં ૨૫ રન અને અક્ષર પટેલે ૪ ઓવરમાં ૨૮ રન આપ્યા હતા, પરંતુ આ બંને બોલરોને કોઈ વિકેટ મળી શકી નહોતી.૧૫૫ રનના સ્કોરનો પીછો કરવા ઉતરેલી ભારતની બેટિંગ લાઈન-અપ પત્તાના મહેલની જેમ વિખેરાઈ ગઈ હતી. ઓપનર સંજુ સેમસન અને અભિષેક શર્મા ખાતું ખોલાવ્યા વિના જ પ્રથમ ઓવરમાં આઉટ થઈ ગયા હતા.

# ફિલ્મમેકર રોહિત શેટ્ટીને બિશ્નોઇ ગેંગ તરફથી મળી વધુ એક ધમકી : ૨૦ કરોડની ખંડણી માંગી

મુંબઈ,

બોલિવૂડ ફિલ્મમેકર રોહિત શેટ્ટીને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. આ ધમકી તેમને એક ઓડિયો ક્લિપ દ્વારા આપવામાં આવી છે, અને તેની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગે લીધી છે. આ ગેંગે ૨૦ કરોડ રૂપિયાની ખંડણી માંગી છે અને આ નવી ધમકી જુહુ સ્થિત રોહિત શેટ્ટીના ઘરની બહાર ચાર રાઉન્ડ ગોળીબાર થયાના થોડા મહિનાઓ બાદ જ આવી છે. શુભમ લોનકર તરફથી રોહિત શેટ્ટીની ટીમને મોકલવામાં આવેલી આ કથિત ઓડિયો ક્લિપમાં ધમકી સાંભળી શકાય છે. ઓડિયોમાં કહેવામાં આવ્યું છે કે, 'ચાર મહિના પહેલા તેમના જુહુ સ્થિત ઘર પર થયેલો ગોળીબાર તો, માત્ર એક ટ્રેલર હતું. જો માંગણીઓને નજરઅંદાજ કરવામાં આવશે, તો આ વખતે ગોળીઓ અચૂક વાગશે'

રોહિત શેટ્ટીની ટીમે, આ અંગે ઔપચારિક ફોજદારી ફરિયાદ નોંધાવી છે. મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ અને જુહુના સ્થાનિક વહીવટી તંત્રે એન્ટી-એક્સ્ટોર્શન સેલ (ખંડણી વિરોધી વિંગ)ને એક્ટિવ કરી દીધો છે. તપાસકર્તાઓના પ્રાથમિક વોઈસ-મેચિંગ એનાલિસિસ દર્શાવે છે કે, જેલમાં બંધ ગેંગ લીડર લોરેન્સ બિશ્નોઈના નજીકના સાથી અને ફરાર ગેંગસ્ટર શુભમ લોનકરે જ



આ ઓડિયો ટેપ રેકોર્ડ કરી હતી.ઓક્ટોબર ૨૦૨૪માં દ્રઝ નેતા બાબા સિદ્દીકીની હાઈ-પ્રોફાઈલ હત્યામાં સામેલ હોવાને કારણે, શુભમ લોનકર હાલમાં ફેડરલ એજન્સીઓના વોન્ટેડ લિસ્ટમાં છે. વોઈસ રેર્કોર્ડિંગ દ્વારા શેટ્ટીને ખાસ જણાવવામાં આવ્યું હતું કે, અગાઉ તેમની વિરુદ્ધ લેવાયેલા ઓપરેશનલ પગલાં માત્ર એક ચેતવણી હતા. આ અગાઉ ૩૧ જાન્યુઆરીના રોજ રોહિત શેટ્ટીના ઘર પર ફાયરિંગ થયું હતું. આ કેસમાં સામેલ ૫ આરોપીઓને મકોકા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. મુંબઈ પોલીસે આ પાંચેય આરોપીઓના રિમાન્ડ માંગ્યા હતા. રિમાન્ડ માંગતી વખતે પોલીસે કોર્ટને જણાવ્યું હતુ કે, રોહિત શેટ્ટીના ઘર પર ફાયરિંગના કેસમાં ધરપકડ કરાયેલા સાત લોકો (જેમાં શૂટર પણ સામેલ છે) એક અલગ જૂથ છે, જ્યારે પુણેથી મુંબઈ સુધી વાહનો અને હથિયારો લાવવાના આરોપમાં શરૂઆતમાં ધરપકડ કરાયેલા પાંચ લોકો એક અલગ જૂથ છે. કોર્ટે તેમને ૨૩ ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા હતા.

# સૈફ અલી ખાનની 'હૈવાન' અને તેની પુત્રી સારા અલી ખાનની ફિલ્મ 'ઉડતા તેર' બોક્સ ઓફિસ પર ટકરાશે



મુંબઈ,

સૈફ અલી ખાન હૈવાન મૂવી કલેશઃ પ્રખ્યાત દિગ્દર્શક પ્રિયદર્શન 'હૈવાન' નામની ક્રાઈમ-એક્શન ફિલ્મ લઈને આવી રહ્યા છે, જેમાં સૈફ અલી ખાન અને અક્ષય કુમાર મુખ્ય ભૂમિકામાં છે. ચાહકો લાંબા સમયથી આ ફિલ્મની રિલીઝ તારીખની રાહ જોઈ રહ્યા હતા. નિર્માતાઓએ આખરે ૨૭ જૂને ફિલ્મની રિલીઝ તારીખ જાહેર કરી. જાહેર થયેલી રિલીઝ તારીખથી સૈફ અલી ખાનની ફિલ્મ તેમની પુત્રી સારા અલી ખાનની ફિલ્મ સાથે ટકરાઈ રહી છે તેવી ચિંતાઓ ઉભી થાય છે.ખરેખર, "હૈવાન" ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. સારા અલી ખાનની ફિલ્મ "ઉડતા તેર" પણ તે જ દિવસે રિલીઝ થવાની છે. આ કોમેડી ફિલ્મ, જેમાં આયુષ્માન ખુરાના પણ છે, તે બોક્સ ઓફિસ પર ટકરાશે તેવી અપેક્ષા છે. આ બે ફિલ્મોના એક અઠવાડિયા પહેલા, બીજી મોટી ફિલ્મ, "મિર્ઝાપુરઃ ધ મૂવી" રિલીઝ થવાની છે. આ ફિલ્મ લોકપ્રિય પ્રાઇમ વિડિયો શ્રેણી "મિર્ઝાપુર" પર આધારિત છે. આ શ્રેણીનો મજબૂત ચાહક વર્ગ છે, જે લોકો આ ફિલ્મ માટે પણ ઉત્સાહિત છે.'મિર્ઝાપુરઃ ધ મૂવી' ૪ સપ્ટેમ્બરે રિલીઝ થવાની છે. જોકે આ ફિલ્મ 'હૈવાન' અને 'ઉડતા તીર'ના એક અઠવાડિયા પહેલા આવી રહી છે, પરંતુ તેની આસપાસની ચર્ચા એવી છે કે 'મિર્ઝાપુર' બંને ફિલ્મો માટે સમસ્યા ઉભી કરી શકે છે.

# પીઢ અભિનેત્રી હિમાની શિવપુરી ગ્રામ્ય જીવનનો આનંદ માણવા માદરે વતન પહોંચી

મુંબઈ,

માયાનગરી મુંબઈમાં રહેવું એ દરેક વ્યક્તિનું સપનું હોય છે, પણ પોતાના સપનાં ઘરને સજાવવા માટે લોકો અથાગ મહેનત કરી રહ્યા હોય છે. એવામાં સફળતા મેળવ્યા પછી પોતાના ગ્રામ્ય જીવનને ફરી એકવાર જીવી જાણવું એ ખૂબ મોટી વાત છે. હાલમાં અભિનેત્રી હિમાની શિવપુરીએ પોતાના ચાહકોને ગ્રામ્ય જીવનની સફર કરાવી હતી.

બોલીવુડથી માંડીને ટેલિવિઝન ઈન્ડસ્ટ્રી સુધી પોતાના અભિનયથી દરેક ચાહકોના દિલમાં ઘર બનાવનારી અભિનેત્રી હિમાની શિવપુરીને કોઈ મોટી ઓળખાણ આપવાની જરૂર નથી. પોતાના દમદાર અભિનયથી લઈ તેણે



સિનેમા અને ટેલિવિઝન જગતમાં પોતાનું આગવું સ્થાન જાળવ્યું છે. તાજેતરમાં જ અભિનેત્રી મુંબઈના શોરબકોરથી દૂર પોતાના માદરેવતન શાંતિની પળો પસાર કરી રહી છે, ત્યારે પોતાના ગામનો સુંદર વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો.હિમાની શિવપુરી હાલમાં ઉત્તરાખંડના ભટવાડી ગામમાં મુલાકાતે પહોંચી છે. આ ગામ ઉત્તરકાશી જિલ્લાનું અત્યંત પ્રાચીન અને સુંદર ગામ છે. પોતાની ગામની વિઝિટ કરાવતા અભિનેત્રીએ પોતાના ચાહકો સમક્ષ પોતાના સબંધીઓનો પણ પરિચય કરાવ્યો હતો.

હિમાનીએ શેર કરેલા વીડિયોમાં તેમણે ગામમાં આવેલા ખેતરો, વૃક્ષો અને તે પહાડો પર ઉગતા ખાસ ફળો અને જંગલી નાશપતિ પણ બતાવ્યા હતા. આ સાથે જ એક વીડિયોના કેપ્શનમાં તેમણે લખ્યું- 'મારા ફોઈ સાથે પહાડોની સફરે નીકળી છું. તેમણે મને અહીંયાના જુદા જુદા ફળો અને વનસ્પતિ વિષે જણાવ્યુ હતું

અભિનેત્રીએ પોતાના વારસાગત ઘરની બહારની તસવીરો નેટિઝન્સ સાથે શેર કરી હતી. આ ફોટા સાથે કેપ્શનમાં લખ્યું હતું કે 'સુપ્રભાત. ગામડાની શાંતિ, તાજી હવા, પોતાનાઓનો પ્રેમ, ઘરના તાજા શાકભાજી, ઝરણાનું પાણી... શું શું ગણાવું.'

આ ફોટા અને વીડિયો પરથી અભિનેત્રીએ પોતાના ફેન્સને એટલું તો જણાવી દીધું છે કે આટલી નામના મેળવ્યા બાદ પણ તેના પગ જમીનથી જોડાયેલા છે. અન્ય સામાન્ય વ્યક્તિની જેમ ગામમાં હળીમળીને પોતાના ખુશીના પળો માણી રહેલી અભિનેત્રીના સુંદર ગામને જોઈને ચાહકો પણ ખુશખુશાલ થયા હતા. આ નજારાઓ ફેન્સ માટે કોઈ ટ્રીટથી ઓછા નથી.

હિમાની શિવપુરીએ ફિલ્મજગતમાં ખૂબ ઉત્તમ અભિનય કર્યા છે. જેમાં તેમણે 'હમ આપકે હે કોન', 'હમ સાથ સાથ હે', દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' જેવી બીજી ઘણી સુપરહિટ ફિલ્મોમાં કામ કરી દર્શકોના દિલ જીતી ચૂકી છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કા | કી | સ | ળ | દ | તી | ત | ક્ષ | પ્ર | આ | આ | ત |
| જ | દ | ક્ષ | બ | કા | કા | બૂ | ત | ભા | ક | શિ | જ્ઞા |
| ચી | ર | દ | ત | ન | એ | રો | સ | ભો | ણ | ર | ક્ષ |
| ધો | બો | બૂ | લ | ન | ર | મ | બા | ર | ળો | ણ | ણ |
| ર | કા | દુ | વિ | ધા | અ | કે | ધ | મા | ગી | શ | બ |
| ણ | દુ | બં | ણિ | ગ | ભ | વ | સ | તુ | આ | સ | ક |
| ગ | ડો | નિ | આ | બા | અ | કા | ણિ | રી | ર | વિ | મ |
| પ્ર | ગ | ક્રો | યા | ન | લ | તી | ણિ | ન | દ | કા | ણિ |
| બિ | મ | ક | ર | બા | મો | બિ | ઉ | ત્રિ | ઇ | ચી | નિ |
| ધી | ર | જ | મા | મા | ર | એ | મ | વ | કો | વે | દ |
| પ્ર | પ્રા | આ | સ | અ | સ | ભો | ખ | મા | દ | ણ | ભ |
| ગં | ધ | સા | ઓ | વા | ત | હા | ળ | ન | ત્રિ | વે | ણી |

શબ્દ શોધો: ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# છેલ્લા એક વર્ષથી અલગ રહેતા ગૌરવ અને આકાંક્ષાએ હવે છૂટાછેડા લેવાનો નિર્ણય લીધો હોવાની ચર્ચા

મુંબઈ,

ટીવી જગતમાં જ્યારે સૌથી ફેવરીટ કપલની વાત કરવામાં આવે ત્યારે ગૌરવ ખન્ના અને આકાંક્ષાનું નામ પહેલા લેવામાં આવે છે. હવે વાવડ એ મળી રહ્યા છે કે,ટીવી એક્ટ્રેસ આકાંક્ષાએ એક ચોંકાવનારો ખુલ્લાસો કર્યો છે. આ સ્પષ્ટતા તેણે પોતાની રિલેશનશીપના મુદ્દા પર કરી છે. આ ચોખવટથી ફેન્સ પણ ચોંકી ગયા છે. છેલ્લા એક વર્ષથી અલગ રહેતા ગૌરવ અને આકાંક્ષા હવે છૂટાછેડાનો નિર્ણય લીધો છે. આકાંક્ષા હવે ટીવી રિયાલિટી શૉ લોકઅપ-૨માં જોવા મળવાની છે.

આ રીયાલિટી શૉના પહેલા જ એપિસોડમાં તેણે પોતાની રિલેશનશીપના વિષય પર ચોંકાવનારો ખુલાસો કરી નાખ્યો



છે. આકાંક્ષાએ કેમેરા સામે કબૂલાત કરી કે,એનો અને ગૌરવનો સંબંધ હવે ખતમ થવાના કિનારે છે.હવે બન્ને એકબીજાથી કાયમી ધોરણે છૂટા પડી રહ્યા છે.એ વાત પણ કહી કે, તેઓ છેલ્લા એક વર્ષથી અલગ રહેવા લાગ્યા છે. આ અચાનક થયેલા ખુલાસાને કારણે ફેન્સને શોક લાગ્યો છે.

ટીવી ઈન્ડસ્ટ્રીમાં અકાંક્ષાએ એક સફળ એક્ટ્રેસ છે. તેને એક્સપ્રેશન ક્વિન ગણવામાં આવે છે. સૌથી મોટી અને મહત્ત્વની વાત એ છે કે, છૂટાછેડાની આ વાત સામે આવ્યા બાદ પણ ગૌરવ તરફથી કોઈ જ પ્રકારની પ્રતિક્રિયા આવી નથી. આ સમગ્ર વિષય પર ગૌરવે મૌન સેવી લીધું છે.૨૪ ડિસેમ્બર ૨૦૧૬ના દિવસે ગૌરવ અને અકાંક્ષાના મેરેજ થયા હતા. દસ વર્ષની રિલેશનશીપ અને લગ્નજીવનનો અંત લાવવાની વાતથી બન્ને કલાકારના ફેન્સને આઘાત લાગ્યો છે.

બન્નેના લગ્નજીવનને દસ વર્ષ થઈ ગયા છે અને હજુ સુધી તેમણે કોઈ બેબી પ્લાન કર્યું નથી.આ પહેલા બિગબોસ-૧૯માં પણ ગૌરવે એ વાત જણાવી હતી કે, તે ઝડપથી પિતા બનવા માગે છે. પણ આકાંક્ષા આ માટે તૈયાર નથી.આથી તેણે પોતાની પત્નીના નિર્ણયનું સન્માન કર્યું છે અને પોતાનો નિર્ણય પાછો લઈ લીધો છે. સ્ટેપ બેકની પરિસ્થિતિમાં ગૌરવની વાત પછી આ વાત સામે આવી છે.

હવે આ વિષય તે કંઈ બોલ્યો નથી. આકાંક્ષાએ થોડા સમય પહેલા આપેલો ઈન્ટરવ્યૂ અત્યારે ખૂબ જ ચર્ચામાં છે. જ્યારે એને પૂછવામાં આવ્યું ત્યારે તેણે સ્પષ્ટતા કરી હતી કે, ફિઝિકલી સેટિસ્ફેક્શન ન મળવા પર એક મહિલાને પોતાના પતિથી અલગ થવાનો અધિકાર છે? આનો જવાબ આપતા તેણે કહ્યું કે, ફિઝિકલી સેટિસ્ફેક્શન ન હોવું નિશ્ચિત રૂપે છૂટાછેડાનો ઠોસ આધાર હોઈ શકે છે. જો કોઈ મહિલા પોતાના લગ્નજીવનમાં ખુશ કે સંતુષ્ટ નથી તો આની સીધી અસર એના સંબંધો પર થાય છે.

આપણા સમાજમાં આજે પણ મહિલાઓ સાથે જોડાયેલા કેટલાક મુદ્દાઓ પર ખુલ્લીને વાત કરવામાં આવે તો એને એક ટેબૂ માનવામાં આવે છે. આ પહેલા પણ તેણે ગૌરવને લઈને એક રસપ્રદ વાત કહી હતી. એક્ટ્રેસે કહ્યું હતું કે, દુનિયાની દરેક પત્નીને પોતાના પતિમાં કોઈને કોઈ તો ખામી અથવા દુર્ગુણ દેખાય છે.

એ પછી ભલે ગૌરવ ખન્ના જેવો જ વ્યક્તિ કેમ ન હોય.એમના આ પ્રકારના નિવેદનને ફેન્સ એના હાલના નિવેદન સાથે જોડીને જોઈ રહ્યા છે. સેબેલ્સ માટે કોઈ પણ રિલેશનશીપના વિષય પર વાત કરવી એ કોઈ મોટી વાત નથી. આ પહેલા પણ ઘણી એક્ટ્રેસ પોતાના સાથી કર્મચારી તથા પતિને લઈને આ પ્રકારની વાત જાહેરમાં કરી ચૂક્યા છે.

# દર મહિનાના પહેલા રવિવારે હવે બુથવાઇઝ સ્વચ્છતા અભિયાન

## તમામ ૧૮ વોર્ડમાં ચૂંટાયેલા અને વહીવટી તંત્રના લોકોને જોડતી નવી પહેલ : જનરલ બોર્ડે કમિશનરને જવાબદારી સોંપી

રાજકોટ,

મનપાની સામાન્ય સભામાં સ્વચ્છતા અભિયાન માટે પણ એક નવું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા દેશવાસીઓ જોગ કરવામાં આવેલ "સ્વચ્છતા સંકલ્પ"ના આહવાનને સ્થાનિક સ્તરે સાકાર કરવા માટે મહાનગરપાલિકા દ્વારા શહેરના જુદા જુદા વોર્ડ વિસ્તારમાં હાલમાં કરવામાં આવતી સફાઇ કામગીરીને વધુ સુદ્રઢ બનાવી, શહેરને સ્વચ્છ બનાવવાના લોકભોગ્ય ઉદ્દેશને ધ્યાને લઈ, બુથવાઇઝ અભિયાન શરૂ કરાશે તેમ મેયર ડો.નેહલ શુકલએ કહ્યું હતું.

દર મહિનાના પહેલા રવિવારે શહેરના તમામ વોર્ડમાં સવારે ૭ થી ૮ કલાક દરમિયાન પ્રત્યેક વોર્ડ દીઠ એક બુથ(હાલમાં કુલ ૧૮) એ મુજબ, બુથ હેઠળ આવતા રસ્તા, શેરી, ખુલ્લા પ્લોટ, વોંકળા, બાગ-બગીચા, સરકારી મિલકતો સહિતના તમામ વિસ્તારમાં ઘનિષ્ઠ સફાઇ કામગીરી કરવાની રહેશે.

મહાનગરપાલિકાના સંબંધિત વોર્ડના સફાઇ કામદાર સહિત સંબંધિત વોર્ડના તમામ શાખાના અધિકારી/કર્મચારીઓએ હાજર રહી, ઘનિષ્ઠ સફાઇ કામગીરી કરવાની રહેશે. આ ઘનિષ્ઠ સફાઇ કામગીરી કાર્યક્ષમ અને અસરકારક બની રહે તે માટે માઇક્રો લેવલ પ્લાનિંગ સહિતની આગળની તમામ કાર્યવાહી કમિશનરે કરવાની રહેશે.વોર્ડની બુથની સંખ્યામાં ભવિષ્યમાં ફેરફાર થાય તો તે મુજબ ઘનિષ્ઠ સફાઇ કામગીરીનું આયોજન કરવાનુ રહેશે. આ રીતે ચૂંટાયેલા લોકો અને અધિકારીઓને પણ આ સફાઇ અભિયાનમાં મેયર જોડવાના છે.

# સૌરાષ્ટ્ર કેન્સર કેર એન્ડ રિસર્ચ સેન્ટરને આધુનિક વેસલ સીલિંગ જનરેટર અર્પણ

રાજકોટ

રોટરી ક્લબ ઓફ રાજકોટ પ્રાઇમે સૌરાષ્ટ્ર કેન્સર કેર એન્ડ રિસર્ચ સેન્ટરને અદ્યતન Vessel Sealing Gene®aor અર્પણ કર્યો છે. આ આધુનિક સર્જિકલ સાધનનું સફળતાપૂર્વક ઈન્સ્ટોલેશન પૂર્ણ થઈ ગયું છે અને ઈન્સ્ટોલેશન બાદ તરત જ એક સર્જરી દરમિયાન તેનો સફળ ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા અનેક દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.




Vessel Sealing Gene®aor એ આધુનિક સર્જરીમાં ઉપયોગમાં લેવાતું અત્યાધુનિક સાધન છે, જે હ્રrtery, vein તથા અન્ય blood vessels ને સુરક્ષિત અને કાયમી રીતે સીલ કરવાની ક્ષમતા ધરાવે છે. તેના ઉપયોગથી સર્જરી દરમિયાન રક્તસ્રાવમાં નોંધપાત્ર ઘટાડો થાય છે, આસપાસના શિંતતીય ને ઓછું નુકસાન પહોંચે છે, સર્જરીનો સમય ઘટે છે

સામાન્ય cautery પદ્ધતિની તુલનામાં આ ટેક્નોલોજી વધુ અસરકારક અને સુરક્ષિત છે. તેના કારણે દર્દીઓને ઓપરેશન દરમિયાન ઓછું બીલ્ડીંગ બ્લડ ટ્રાન્ફયુઝનની ઓછી જરૂરિયાત, ઝડપીરીકવરી તેમજ હોસ્પિટલમાં ઓછો સમય રોકાવાના લાભો પ્રાપ્ત થાય છે.

આ સાધનનો ઉપયોગ કેન્સર સર્જરી, જનરલ સર્જરી, ગાયનેકનોલોજી, લેપ્રોસ્કોપી સર્જરી, યુરોલોજી, સહિત વિવિધ પ્રકારની સર્જરીમાં થઈ શકશે. પરિણામે દર વર્ષે સેકડો દર્દીઓને વધુ ગુણવત્તાસભર, સુરક્ષિત અને આધુનિક સારવારનો લાભ મળશે.

આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ રાજકોટ પ્રાઇમ તરફથી નિહાર ચંદારાણા, મેહુલ પરમાર, અમિત કોટક, યશ વસાણી, જોગેશ બાવીશી, મિહિર ભટ્ટ, મોહિત રાઠોડ, ભવ્યદીપ ડોડિયા, અશ્વિનભાઈ, કમલેશ કનાબર, મેહુલ જામંગ, વિશાલ સરવૈયા, નિલેશ ભોજાણી, દર્શિત મહેતા, અલ્પા રાડિયા, કૌશા દોશી, રૂપા કનાબર અને બરખા કંસારા ઉપસ્થિત રહ્યા હતા.

# એલજીની નવી શ્રેણી TV NPI 2026ની ભવ્ય પ્રસ્તુતિ

રાજકોટ :

અગ્રણી ઈલેક્ટ્રોનિક્સ કંપની LG Electronics દ્વારા તેની નવીનતમ TV NPI ૨૦૨૬ રેન્જનું ભવ્ય લોન્ચિંગ રાજકોટ સ્થિત Croma RK Prime ખાતે કરવામાં આવ્યું હતું. આ અવસરે મોટી સંખ્યામાં ગ્રાહકો તેમજ બિઝનેસ પાર્ટનર્સ ઉપસ્થિત રહ્યા હતા. લૉન્ચિંગ કાર્યક્રમ દરમિયાન એલજીએ પોતાની નવી TV NPI ૨૦૨૬ રેન્જની પ્રીમિયમ ડિસ્પ્લે ક્વોલિટી, AI સંચાલિત સ્માર્ટ ફીચર્સ, અદ્યતન સાઉન્ડ ટેક્નોલોજી અને ઇમર્સિવ એન્ટરટેઇનમેન્ટ અનુભવનું પ્રદર્શન કર્યું હતું. ઉપસ્થિત ગ્રાહકોએ નવીનતમ મોડલ્સના લાઈવ ડેમોનો અનુભવ કર્યો હતો અને તેમની અદ્યતન ટેક્નોલોજી તથા પ્રીમિયમ ડિઝાઇનને વધાવી લીધી હતી. આ કાર્યક્રમમાં બ્રાન્ચ




મેનેજર નિકુંજ સાંગાણી, કી એકાઉન્ટ મેનેજર બિજન સોની, એરિયા મેનેજર નવીન પાઠક તથા બ્રાન્ચ માર્કેટિંગ મેનેજર મહિપતસિંહ ચૌહાણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન અધિકારીઓએ નવી TV NPI ૨૦૨૬ શ્રેણીની અદ્યતન ટેક્નોલોજી, ઉત્કૃષ્ટ પિક્ચર ક્વોલિટી, છૈં પ્રોસેસર, ગેમિંગ ફીચર્સ અને પ્રીમિયમ ડિઝાઇન વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણેજણાવ્યું હતું કે એલજીની આ નવી શ્રેણી ગ્રાહકોને વધુ સ્માર્ટ, વધુ કનેક્ટેડ અને વધુ ઇમર્સિવ મનોરંજનનો અનુભવ પ્રદાન કરશે.આ પ્રસંગે ગિરીશ આંદીપરા – ક્લસ્ટર મેનેજર, ક્રોમા અને કુલદીપ વાઘેલા – સ્ટોર મેનેજર, ક્રોમા આરકે પ્રાઇમ, રાજકોટએ જણાવ્યું હતું કે એલજી પોતાના નવીન ઉત્પાદનો દ્વારા પ્રીમિયમ હોમ એન્ટરટેઇનમેન્ટ ક્ષેત્રમાં સતત નવા માપદંડો સ્થાપિત કરી રહ્યું છે અને ગ્રાહકોને ભવિષ્યલક્ષી ટેક્નોલોજી પહોંચાડવા માટે પ્રતિબદ્ધ છે. વધુમાં ગિરીશ આંદીપરાએ જણાવ્યું હતું કે એલજી હંમેશા ગ્રાહકો સુધી અદ્યતન અને નવીન ટેક્નોલોજીપહોંચાડવા માટે પ્રયત્નશીલ રહ્યું છે. TV NPI ૨૦૨૬ રેન્જ ભારતીય ગ્રાહકોની બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવી છે.બ્રાન્ચ મેનેજર નિકુંજ સાંગાણીએ જણાવ્યું હતું કે નવી ટીવી શ્રેણી ગ્રાહકોને વધુ સ્માર્ટ, વધુ કનેક્ટેડ અને ઉત્તમ એન્ટરટેઇનમેન્ટ અનુભવ આપશે.

# રાજકોટ શહેર તાજીયા કમીટી દ્વારા જૈન અગ્રણી મયુર શાહનું સન્માન



રાજકોટ શહેર તાજીયા કમીટી દ્વારા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ. કોઠારીયા રોડ ખાતે તાજીયા પડમાં આવી રહ્યા હતા. ત્યારે રાજકોટ શહેર ભાજપના કોષાધ્યક્ષ તથા જૈન અગ્રણી મયુરભાઈ શાહનું સન્માન કમીટી દ્વારા કરવામાં આવેલ તે પ્રસંગની તસ્વીર.

# ભાજપ યુવા મોરચા દ્વારા ચારેય વિધાનસભામાં રક્તદાન કેમ્પનું આયોજન



રાજકોટ,

પ્રખર રાષ્ટ્રભકત ડો. શ્યામાપ્રસાદ મુખરજીનો તા. ર૩જૂનના રોજ બલિદાન દિવસથી તા. ૬ જુલાઈ જન્મજયંતી સ્મૃતિ દિવસ અંતર્ગત ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ પ્રવૃતિઓ કરી ઉજવવામાં આવે છે.

આ અંતર્ગત ભાજપ પ્રમુખ ડો. માધવ દવે અને પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડો. હેમાંગભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ રાજકોટની ચારેય વિધાનસભામાંમેગા રકતદાન કેમ્પનું આયોજન શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખમિલન લીંબાશીયા,મહામંત્રી જયકીશન ઝાલા, હિમાંશુ રાજયગુરૂની આગેવાની અને ડો. શ્યામા પ્રસાદ મુખરજી જન્મ જયંતી પખવાડીયાના અંતર્ગત રકતદાન કેમ્પના રાજકોટ મહાનગરના સંયોજક યુવા મોરચાના મંત્રી જય બોરીયા, સહસંયોજક યુવા મોરચાના કાર્યાલય મંત્રી રાહુલ રાઠોડ અને શહેર યુવા મોરચા મંત્રી મોહિત શિયાળ જવાબદારી સંભાળશે.

આ રકતદાન કેમ્પ વિધાનસભા-૬૮માં આવતીકાલે તા. ૨૮ ભોજલરામ કોમ્યુનીટી હોલ, સંતકબીર રોડ ખાતે સવારે ૮.૦૦થી૧૨.૦૦ દરમ્યાન જેના ઈન્ચાર્જ શહેર યુવા મોરચાના નાગજી રાદડીયા સંભાળી રહ્યા છે. વિધાનસભા-૬૯માંતા. ૧-૭-૨૬ કમલમ શહેર ભાજપ કાર્યાલય ખાતે સાંજે ૪.૦૦ થી ૭.૦૦ દરમ્યાન જેના ઈન્ચાર્જ શહેર યુવા મોરચાના મોહિત શિયાળને જવાબદારી સોંપવામાં આવી છે.

વિધાનસભા-૭૦માં આવતીકાલે તા.૨૮-૬-૨૬ ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સર્કલ સાંજે ૪.૦૦થી૬.૦૦ વાગ્યા સુધી રકતદાન કેમ્પ યોજાશે જેના ઈન્ચાર્જ શહેર યુવા મોરચાના અનિરૂધ્ધ વાળા રહેશે અને વિધાનસભા-૭૧માંતા. ૧-૭-૨૬ દિવ્યતેજ સ્કુલ, સવારે ૮.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી કોઠારીયા ખાતે યુવા મોરચાના કેવિન વરસાણી જવાબદારી સંભાળી રહ્યા છે.

# જગન્નાથ મંદિર (નાનામૌવા)થી કળશયાત્રા યોજાશે : અભિષેક અનુષ્ઠાન

## રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના હસ્તે અભિષેક વિધિ કરાશે

રાજકોટ,

જય જગન્નાથના ગગનભેદી નાદ સાથે આગામી તા.૧૬ જુલાઈના અષાઢી બીજના પવિત્ર દિને ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નીકળશે. જગન્નાથપુરીમાં વિરાટ સંખ્યામાં દેશ-પરદેશના લોકો જગન્નાથજીની રથયાત્રામાં જોડાશે. રથયાત્રામાં ભગવાન જગન્નાથજીનો રથ હોય છે. લોકો શ્રધ્ધા અને ભક્તિથી રથને હંકારે છે.અમદાવાદમાં પણ ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું વર્ષોથી આયોજન થઇ રહ્યું છે. ભાવનગરમાં પણ રથયાત્રા યોજાય છે.રાજકોટમાં છેલ્લા ચૌદ-પંદર વર્ષથી નાના મૌવા ગામમાં, મોકાજી સર્કલ ખાતે આવેલ શ્રી જગન્નાથજી મંદિર, શ્રી ખોડીયાર મંદિર, કૈલાસધામ આશ્રમ દ્વારા ભગવાન જગન્નાથજીની રથયાત્રા યોજવામાં



આવે છે. મહા મંડલેશ્રૃવર મહંત ત્યાગી મનમોહનદાસજી (ગુરુ રામ કિશોરદાસજી)ના સાંનિધ્યમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા યોજાય છે.મહંત શ્રી ત્યાગી મનમોહનદાસજી મહારાજના સાંનિધ્યમાં તા.૨૯મીના શનિવારે સવારે ૮-૩૦ કલાકે કૈલાસધામ આશ્રમ ખાતેથી કળશયાત્રા-જલ યાત્રા નીકળશે રૂટ મુજબ ફરીને નીજ મંદિરે આવશે.ત્યારબાદ નીજ મંદિરે વૈદિક મંત્રોચારની સાથે શ્રી જગન્નાથજી, બહેન સુભદ્રાજી તથા ભાઈ બલભદ્રજી પર અભિષેક કરવામાં આવશે. રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાના હસ્તે અભિષેક અનુષ્ઠાન થશે. અભિષેક પૂર્ણ થયા પછી ભક્તો માટે બપોરે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

# તાજીયા જુલુસમાં વિખૂટા પડેલ બાળક શોધી કાઢતી પોલીસ

રાજકોટ

તાજીયા જુલુસમાં વિખૂટા પડેલ બાળકને એ.ડિવિઝન પોલીસને ટીમે શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવતા લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતાં. શહેરમાં ગઈકાલે નીકળેલા તાજિયાના જુલૂસમાં માતા-પિતા સાથે આવેલો સાત વર્ષનો મીત ભીડના કારણે વિખૂટો પડી ગયો હતો. આ દરમિયાન બંદોબસ્તમાં ગોઠવાયેલ એ ડિવિઝન પોલીસ સ્ટાફની નજર આ ગભરાયેલ બાળક પર પડતા તેનો કબજો લીધો હતો.



પોલીસ સ્ટાફે બાળક પાસેથી જરૂરી વિગતો મેળવ્યા બાદ તેના વાલીનો સંપર્ક સાધ્યો હતો.તેઓને સ્થળ પર બોલાવી ઓળખની ખાતરી કર્યા બાદ બાળકને સુરક્ષિત રીતે તેના પરિવારને સોંપ્યો હતો. બાળક ખોવાઇ જતા ચિંતામાં મૂકાયેલા પરિવારે બાળક હેમખેમ મળી આવતા લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતાં અને પરિજનોએ પોલીસનો આભાર પણ માન્યો હતો.

# વી આઈ અને સ્પોટીફાઈએપ્રીમિયમ મ્યુઝિક સ્ટ્રીમિંગ અનુભવ આપવા માટે વ્યૂહાત્મક ભાગીદારી કરી

રાજકોટ

ભારતની અગ્રણી ટેલિકોમ કંપની વી આઈ એ આજે વિશ્વના અગ્રણી ઓડિયો સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ સ્પોટીફાઈ સાથે નવી ભાગીદારીની જાહેરાત કરી છે. આ ભાગીદારીનો ઉદ્દેશ વી આઈ ના ગ્રાહકોને વી આઈ ની મજબૂત કનેક્ટિવિટી અને સ્પોટીફાઈના વિશ્વસ્તરીય ઓડિયો સ્ટ્રીમિંગ અનુભવને એકસાથે જોડીને વધુ મૂલ્ય પ્રદાન કરવાનો છે. આજથી વી આઈ ના પોસ્ટપેડ ગ્રાહકોને તેમનું કનેક્શન એક્ટિવેટ કરતા અથવા ચાલુ રાખતા જ કોઈપણ વધારાના ખર્ચ વગર સંપૂર્ણ સ્પોટીફાઈ પ્રીમિયમનો લાભ મળશે. વી આઈ અને સ્પોટીફાઈ ભવિષ્યમાં પણ તેમની ભાગીદારીને વધુ વિસ્તારવાની તથા ગ્રાહકોને સમૃદ્ધ ડિજિટલ મનોરંજનનો અનુભવ મળે તે માટે આકર્ષક ઓફર્સ રજૂ કરવાની તકો શોધશે. આ ભાગીદારી અંગે સ્પોટીફાઈ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અમરજીત બત્રાએ જણાવ્યું હતું કે, “ભારતમાં લાખો લોકોના રોજિંદા જીવનમાં સંગીત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, પછી ભલે તેઓ મુસાફરી કરી રહ્યા હોય, કસરત કરી રહ્યા હોય કે આરામ કરી રહ્યા હોય. વી આઈ સાથે ભારતમાં અમારી પ્રથમ પ્રકારની ટેલિકોમ ભાગીદારી દ્વારા અમે સ્પોટીફાઈ પ્રીમિયમને દેશભરના સંગીત અને પૉડકાસ્ટ પ્રેમીઓ માટે વધુ સુલભ બનાવી રહ્યા છીએ અને વધુ વી આઈ ગ્રાહકોને પ્રીમિયમ સ્ટ્રીમિંગ અનુભવનું મૂલ્ય સમજવામાં મદદ કરી રહ્યા છીએ. ત્રણ મહિનાના મફત સમયગાળા પછી ગ્રાહકો વી આઈ ની અનુકૂળ Add to Bill સુવિધા દ્વારા દર મહિને રૂ. ૧૩૯ ચૂકવીને સ્પોટીફાઈ પ્રીમિયમ સબ્સ્ક્રીપ્શન ચાલુ રાખી શકશે.

# વી આઈ બિઝનેસ એમએસએમઈ ગ્રોથ ઈનસાઈટ્સ સ્ટડી

## ૫૭ ટકા એમએસએમઈ માને છે કે એઆઈ વ્યવસાયને વધારવા માટેનું મહત્વપૂર્ણ સાધન છે

રાજકોટ

ભારત ઝડપથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અપનાવવા માટેનું વૈશ્વિક કેન્દ્ર અને ડેટા સેન્ટર હબ તરીકે ઉભરી રહ્યો છે. દેશના જીડીપીમાં ૩૧ ટકાથી વધુ યોગદાન આપતા એમએસએમઈ ક્ષેત્રમાં પણ ટેકનોલોજી અપનાવવાની ગતિ વધી રહી છે. વી આઈ બિઝનેસ એમએસએમઈ ગ્રોથ ઈનસાઈટ્સ સ્ટડી ૨૦૨૬ની તાજેતરની એડિશન અનુસાર, સર્વેમાં સામેલ ૫૭ ટકાઉદ્યોગો એઆઈને એવું મુખ્ય સાધન માને છે જે વ્યવસાયના વિકાસને વધુ ઝડપી અને અસરકારક બનાવી શકે છે. ૨૫ ટકાઉદ્યોગોએ પહેલેથી જ પોતાના વ્યવસાય અને કામગીરીની પ્રક્રિયામાં એઆઈનો ઉપયોગ શરૂ કરી લીધો છે.

આ અભ્યાસ વી આઈ બિઝનેસ ના ReadyFroNext પ્લેટફોર્મ પરથી મળેલી જાણકારી પર આધારિત છે. આ એમએસએમઈ માટેનું ભારતનું સૌથી મોટું ડિજિટલ એડવાઇઝરી પ્લેટફોર્મ છે, જે ૧૬ વિવિધ ક્ષેત્રોના ૨.૫ લાખથી વધુ એમએસ એમઈસાથે જોડાયેલું છે. આ વર્ષે ડિજિટલ મેચ્યોરિટી ઈન્ડેક્સ (ડીએમઆઈ) ૬૦.૮ થયો છે, જે ૨૦૨૫માં૫૮.૦ અને ૨૦૨૩માં૫૫.૯ હતો. - ઉત્પાદકતા અને નિર્ણય પ્રક્રિયા સુધારવા માટે એઆઈ, વિસ્તૃત સ્તરે કામગીરી શક્ય બનાવતી SaaS આધારિત વર્કપ્લેસમાં સહયોગ આપતી વ્યવસ્થાઓ અને વિશ્વાસ, સ્થિરતા તથા વ્યવસાયની સતત કામગીરી જાળવવા માટે સાયબર સુરક્ષા. અહેવાલના કુલ મુખ્ય તારણોમાં જાણવા મળ્યું કે હવે પાંચમાંથી ચાર એમએસએમઈ કોઈને કોઈ સ્વરૂપે ઓનલાઈન હાજરી ધરાવે છે અને ૩૫ ટકાથી વધુ એમએસએમઈ પાસે પોતાની વેબસાઈટ પણ છે.

# બાલાજી હનુમાનજીને અદ્ભૂત અને નયનરમ્ય શણગાર

રાજકોટ

લાખો ભક્તોની આસ્થાના કેન્દ્ર સમાન રાજકોટના ભૂપેન્દ્ર રોડ પર કરણસિંહજી હાઈસ્કૂલ સામે આવેલા સુપ્રસિદ્ધ શ્રી બાલાજી હનુમાનજી મંદિરે આજે શનિવારના પાવન દિવસે કષ્ટભંજન દેવનો અદ્ભુત અને મનોહર શણગાર કરવામાં આવ્યો હતો.

દાદાને વિશેષ રૂપે ૨૫૧ કિલો પવિત્ર અને ઉત્કૃષ્ટ ગુણવત્તાયુક્ત ખારેક (સુકા મેવા) નો દિવ્ય અન્નકૂટ તેમજ કલાત્મક શણગાર અર્પણ કરવામાં આવ્યો હતો. સોનેરી સિંહાસનમાં બિરાજમાન દાદાનું આ નયનરમ્ય સ્વરૂપ જોઈને વહેલી સવારથી જ દર્શનાર્થે ઉમટેલા હજારો શ્રદ્ધાળુઓ ભાવવિભોર બન્યા હતા અને સમગ્ર મંદિર પરિસર મારુતિ નંદનના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું.

આ વિશેષ અને મંગલમય શણગારનું આયોજન મંદિરના



આયોજક મહંતશ્રી વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી શ્રી રાધારમણદાસજી સ્વામી તેમજ કોઠારી શ્રી મુનિવત્સલદાસજી સ્વામીની પાવન નિશ્રા અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# રાજકોટના ચાર નામચીન શખ્સો મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપાયા

## ચારેય આરોપીઓ લાંબો ગુનાઈત ઈતિહાસ ધરાવે છે, રાજસ્થાનના સાંચોરથી પીવા અને વેચવા ડ્રગ્સ લાવ્યા હતા



રાજકોટ:
રાજકોટમાં SOGએ નવાગામ-બામણબોર રોડ પરથી ૧૭.૨૫૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ચાર કુખ્યાત આરોપીઓ વિનય ઉકેડીયા, હિતેશ ધામેલીયા, ભવદીપ ડાભી અને વિશાલ ગોહિલને દબોચી લીધા. રાજસ્થાનના સાંચોરથી પીવા અને વેચવા આ ડ્રગ્સ લાવ્યા હતા. ૫.૭૨ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયેલા આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ લાંબો છે. એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. અગાઉ કેટલી વખત ડ્રગ્સ લઈ આવ્યા તે અંગે તપાસ

રાજકોટ: નવાગામ-બામણબોર જવાના રસ્તા પાસે એરપોર્ટ પોલીસ સ્ટેશનની ચેકપોસ્ટ સામેથી એસઓજીએ ૧૭.૨૫૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે અગાઉ પોલીસ ચોપડે ચડી ગયેલા ચાર આરોપીઓ વિનય રાજુ ઉકેડીયા (ઉ.વ.૨૭, રહે. મનહરપુર-૧), નામચીન ડ્રગ્સ પેડલર સુધા ધામેલીયાના પુત્ર હિતેશ ઉર્ફે હિતો સુનીલ ધામેલીયા (ઉ.વ.૨૫, રહે. રૈયાધાર સ્લમ ક્વાર્ટર), ભવદીપ ઉર્ફે હાંડો પરેશ ડાભી (ઉ.વ.૨૪, રહે. રૈયાધાર) અને વિશાલ રાજુભાઈ ગોહિલ (ઉ.વ.૨૧, રહે. મનહરપુર-૧)ને ઝડપી લીધા હતા.

ચોક્કસ બાતમીના આધારે એસઓજીના પીઆઈ એન.બી.ચૌધરીએ સ્ટાફના માણસો સાથે વોચ ગોઠવી સ્વિફ્ટ કારને અટકાવી તલાશી લેતા અંદરથી મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો મળ્યો હતો. જેની કિંમત રૂા.૫૨,૫૬૦ ગણી હતી. ચાર મોબાઈલ ફોન, કાર સહિત કુલ રૂા.૫.૭૨ લાખના મુદ્દામાલ સાથે ચારેય આરોપીઓની ધરપકડ કરી હતી.

આરોપી વિનય વિરુદ્ધ ખૂન, દારૂ, મારામારી સહિતના ૧૦, આરોપી હિતેશ વિરુદ્ધ આર્મ્સ એક્ટ, એનડીપીએસ સહિત ૬, આરોપી ભવદીપ વિરુદ્ધ દારૂ, મારામારી સહિત ૧૮ અને આરોપી વિશાલ વિરુદ્ધ મારામારી, દારૂ સહિત ૩ ગુના નોંધાયેલા છે. ચારેય આરોપીઓ રાજસ્થાન ફરવા ગયા હતા. સાંચોર નજીકના મહાદેવ ગેસ્ટ હાઉસમાંથી કોઈ શખ્સ પાસેથી મેફેડ્રોનનો જથ્થો ખરીદ કર્યો હતો તેમ એસઓજીના સુત્રોએ જણાવ્યું હતું.

વેંચવા માટે અને પીવા માટે મેફેડ્રોન લઈ આવ્યા હતા. અગાઉ કેટલી વખત ડ્રગ્સ લઈ આવ્યા છે તે સહિતના મુદ્દે હવે પોલીસ તપાસ કરશે. તમામ આરોપીઓ વિરુદ્ધ એરપોર્ટ પોલીસ મથકમાં એનડીપીએસની કલમો હેઠળ ગુનો નોંધાવાયો છે.

# ફોટોફ્રેમના ધંધાનો ખાર રાખી છરીથી થયેલા હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ગોપાલ જાદવનું સારવાર દરમ્યાન મોત


રાજકોટ: રાજકોટના દૂધસાગર રોડ પર શિવાજીનગરમાં ફોટો ફ્રેમના ધંધાની અદાવતને લીધે છરી અને ધોકાથી થયેલા હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા પ્રકાશ ઉર્ફે ગોપાલ દેવજીભાઈ જાદવનું સારવાર દરમ્યાન મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો હતો.

શિવાજીનગર શેરી નં. ૭માં રહેતા રાહુલ દેવજીભાઈ જાદવે ફરિયાદમાં જણાવ્યું કે તે તથા તેનો ભાઈ પ્રકાશ ઉર્ફે ગોપાલ બંને ફોટો ફ્રેમનો ધંધો કરતા હતા. આરોપી અનિલ પરમાર અગાઉ તેની સાથે કામ કરતો હતો. બાદમાં તેણે અલગ ધંધો શરૂ કરી ઓછા ભાવે ફોટો ફ્રેમ વેંચી ગ્રાહકોને તોડતો હોવાથી ઘણા સમયથી તેના ભાઈ ગોપાલ સાથે આરોપી અનિલ અવારનવાર ઝઘડો કરી ગાળો ભાંડતો હતો. જે ઝઘડાનું સમાધાન કરવા માટે બે દિવસ પહેલા ગોપાલ અને કાકા વિજયભાઈ નાથાભાઈ જાદવ શિવાજીનગર શેરી નં. ૧૭નાં આરોપીના ઘર પાસે ભેગા થયા હતા.

દરમિયાન તેને ફોટો ફ્રેમના ધંધા બાબતે કેમ વારંવાર ઝઘડો કરો છે તેમ કહેતા આરોપી અનિલ પરમાર, તેનો ભાઈ સુનિલ, પિતા રમેશ, માતા હંસા અને કાકા ભરતે ઝઘડો કરી ગાળો ભાંડી છરી અને ધોકા વડે જીવલેણ હુમલો કરી ગોપાલ અને કાકા વિજયભાઈને ઈજા પહોંચાડી હતી. બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ મામલે થોરાળા પોલીસે પાંચેય આરોપી વિરૂધ્ધ હત્યાની કોશિષ સહિતની કલમ હેઠળ ગુનો દાખલ કરી આરોપી અનિલ અને તેના ભાઈ સુનિલની ધરપકડ કરી બંનેને જેલહવાલે કર્યા હતા.

દરમિયાન, હુમલામાં ઘવાયેલા પ્રકાશ ઉર્ફે ગોપાલનું સારવાર દરમ્યાન મોત નિપજતા પોલીસે હત્યાની કલમનો ઉમેરો કરી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવમાં સામા પક્ષે અનિલ રમેશભાઈ પરમાર (રહે. શિવાજીનગર શેરી નં. ૧૬)ને આરોપી પ્રકાશ ઉર્ફે ગોપાલ અને તેના કાકા વિજય જાદવે ફોટો ફ્રેમના ધંધા બાબતનો ખાર રાખી લોખંડના પાઈપથી હુમલો કરી ઈજા કર્યાની ફરિયાદ નોંધાવી હતી.

# જેતપુરના ડેડરવા ગામે કટર મશીન પર ચડતા વીજ લાઈનને અડકી જતાં ૨૨ વર્ષીય યુવાનનું કરુણ મોત



## બે દિવસ પહેલાં જ સુરતથી વતન આવેલા યુવાનના અકાળે અવસાનથી પરિવારમાં ઘેરો શોક

રાજકોટ:
જેતપુર તાલુકાના ડેડરવા ગામેથી એક અત્યંત હૃદયદ્રાવક અને દુખદ ઘટના સામે આવી છે. ગામની એક વાડીમાં કૃષિ કામગીરી દરમિયાન કરંટ લાગવાના કારણે એક ૨૨ વર્ષીય આશાસ્પદ ખેડૂત પુત્રનું કમકમાટીભર્યું મોત નીપજતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. માત્ર બે જ દિવસ પહેલાં સુરતથી વતન આવેલા યુવાનના અકાળ અવસાનથી પરિવાર માથે આભ તૂટી પડ્યું છે.


ઘટનાની વિગત એવી છે કે, ડેડરવા ગામે આવેલી એક વાડીમાં કટર મશીન રાખવામાં આવ્યું હતું. આ દરમિયાન વાડીમાં હાજર ૨૨ વર્ષીય યુવરાજ મૂળીયા નામનો યુવાન કોઈ કારણસર આ કટર મશીન ઉપર ચડ્યો હતો. મશીન પર ચડતી વખતે ઉપરથી પસાર થઈ રહેલી હાઈવોલ્ટેજ વીજ લાઈનના જીવંત તાર સાથે યુવરાજનો હાથ અકસ્માતે અડકી ગયો હતો. હાઈવોલ્ટેજ લાઈનનો જોરદાર વીજ કરંટ આખા શરીરમાં પસાર થઈ જતાં યુવાન મશીન પરથી ફંગોળાયો હતો અને ગંભીર રીતે દાઝી ગયો હતો.અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને લોહીલુહાણ તેમજ ગંભીર હાલતમાં યુવરાજને તાબડતોબ સારવાર અર્થે જેતપુરની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જો કે, હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. તબીબોના જણાવ્યા અનુસાર, વીજ કરંટ એટલો જોરદાર હતો કે હોસ્પિટલ પહોંચતા પહેલાં જ યુવાને દમ તોડી દીધો હતો.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૃતક યુવરાજ મૂળીયા છેલ્લા કેટલાક સમયથી સુરત ખાતે રહેતો હતો અને આ કરુણ ઘટનાના માત્ર બે દિવસ પહેલાં જ તે પોતાના વતન ડેડરવા ગામે આવ્યો હતો. વતન આવ્યાના ગણતરીના કલાકોમાં જ કાળનો પંજો ભીંસાતા સોશિયલ મીડિયા સહિત સમગ્ર ગામમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

આ અકસ્માત અંગેની જાણ થતાં જ જેતપુર તાલુકા પોલીસની ટીમ તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખાતે દોડી ગઈ હતી.

# ભક્તિનગર રેલવે સ્ટેશન પરથી આધાર-પુરાવા વિનાના સોના-ચાંદી અને૧૪.૫૦ લાખ સાથે વૃદ્ધ ઝડપાયા





રાજકોટ:
આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને રેલવે પોલીસના ઉચ્ચ અધિકારીઓએ આ મામલે સઘન પૂછપરછ અને ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે. તેમજ નાણાકીય અનિયમિતતાની તપાસ માટે ઈન્કમટેક્સ વિભાગને પણ જાણ કરવાની તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ભક્તિનગર રેલવે સ્ટેશન પર રેલવે પોલીસની ટીમ રૂટીન પેટ્રોલિંગ અને શંકાસ્પદ મુસાફરોનું ચેકિંગ કરી રહી હતી. આ ચેકિંગ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા એક વૃદ્ધની ગતિવિધિ શંકાસ્પદ જણાતા પોલીસે તેમને અટકાવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં આ વૃદ્ધનું નામ રસિકલાલ જગડા હોવાનું સામે આવ્યું હતુ. તેમની ઉંમર ૬૫ વર્ષની છે. પોલીસને તેમની વર્તણૂક પર શંકા જતા તેમના સામાનની ઝીણવટ પૂર્વક તપાસ કરવામાં આવી હતી.

પોલીસ દ્વારા આ શખ્સની તલાશી લેવામાં આવતા તેની પાસેથી મોટા પ્રમાણમાં સોના અને ચાંદીના દાગીના રસીકલાલ પાસેથી ૨૫૦ ગ્રામ સોનું અને ૪ કિલો ચાંદીનો જથ્થો મળી આવ્યો હતો. આ ઉપરાંત તેની પાસેથી ૧૪.૫૦ લાખની રોકડ રકમ પણ જપ્ત કરવામાં આવી છે. ૬૫ વર્ષીય રસિકલાલ જગડા આ મુદ્દામાલ અંગેના કોઈ પણ પ્રકારના બિલ કે સંતોષકારક આધાર પુરાવા રજૂ કરી શક્યા ન હતા, જેથી પોલીસે આ તમામ મુદ્દામાલ સીલ કરી સરકારી કબ્જામાં લીધો છે.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રેલવે પોલીસના પીઆઈ એચ.એમ.રાણા સહિતના ઉચ્ચ અધિકારીઓ અને અન્ય સ્ટાફ તાત્કાલિક અસરથી તપાસમાં જોડાઈ ગયા છે. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ સોનું તેમજ ચાંદી કોઈ ચોરી કે લૂંટના ગુના સાથે સંકળાયેલા છે કે પછી આ કોઈ હવાલા કૌભાંડ અથવા ટેક્સ ચોરીનો મામલો છે. રેલવે પોલીસ આ મામલે હવે ઈન્કમટેક્સ વિભાગ અને અન્ય સંબંધિત સરકારી એજન્સીઓને પણ જાણ કરવાની તજવીજ હાથ ધરી છે.

## રજાનો આનંદ પળવારમાં માતમમાં ફેરવાયો

# આનંદવિહાર રિસોર્ટના સ્વિમિંગ પૂલમાં ડૂબી જતાં ૧૩ વર્ષની બાળકીનું કરુણ મોત

રાજકોટ:
રાજકોટ શહેરના જામનગર રોડ પર આવેલા મોચીનગરમાં રહેતા પરિવારની પિકનિક દરમિયાન કરુણ દુર્ઘટના સર્જાઈ હતી. વાગુદડ ગામ પાસે આવેલા આનંદવિહાર રિસોર્ટના સ્વિમિંગ પૂલમાં પરિવાર સાથે નહાવા પડેલી ૧૩ વર્ષીય મહેક યુનુસબિન ઈકબાલભાઈ મુકાસમ પાણીમાં ડૂબી જતાં તેનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે મેટોડા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર રોડ પરના મોચીનગરમાં રહેતા યુનુસબિન ઈકબાલભાઈ મુકાસમ શનિવારે પરિવાર સાથે વાગુદડ ગામ નજીક આનંદવિહાર રિસોર્ટમાં પિકનિક મનાવવા ગયા હતા. સાંજે પાંચ વાગ્યાના અરસામાં તેમની ૧૩ વર્ષીય પુત્રી મહેક પરિવારના અન્ય સભ્યો સાથે સ્વિમિંગ પૂલમાં નહાવા પડી હતી. દરમિયાન અચાનક તે પાણીમાં ગરકાવ થવા લાગી હતી.પૂલમાં હાજર પરિવારના સભ્યોનું ધ્યાન જતાં તાત્કાલિક મહેકને પાણીમાંથી બહાર કાઢવામાં આવી હતી. ત્યારબાદ તેને બેભાન હાલતમાં સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે ફરજ પરના તબીબે તપાસ બાદ તેને મૃત જાહેર કરતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. હોસ્પિટલમાં પરિવારજનોના આક્રંદથી ગમગીન વાતાવરણ સર્જાયું હતું.બનાવની જાણ થતાં મેટોડા પોલીસનો સ્ટાફ હોસ્પિટલ પહોંચ્યો હતો. પોલીસે જરૂરી કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.શનિવારની રજાનો દિવસ પરિવાર માટે ખુશીની પળો લઈને આવ્યો હતો, પરંતુ આનંદવિહાર રિસોર્ટમાં બનેલી દુર્ઘટનાએ સમગ્ર પરિવારને જીવનભરનું દુઃખ આપી દીધું. પરિવાર સાથે હસતી-રમતી મહેકની અચાનક વિદાયથી માતા-પિતા અને સ્વજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો.

# રાજકોટ એરપોર્ટ પર સોનાની દાણચોરીના રેકેટનો પર્દાફાશ

## શારજાહથી ગુદા માર્ગમાં રૂ.૧.૭૨ કરોડનું સોનું છુપાવીને લાવનાર મુસાફર ઝડપાયો

રાજકોટ:
રાજકોટ એરપોર્ટ પર વિદેશી સોનાની દાણચોરીના એક મોટા અને ચોંકાવનારા રેકેટનો પર્દાફાશ થયો છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ જામનગરની ટીમે ચોક્કસ અને ગુપ્ત બાતમીના આધારે એરપોર્ટ પર વોચ ગોઠવીને શારજાહથી આવેલા એક ભારતીય મુસાફરની ધરપકડ કરી છે. પકડાયેલા મુસાફર પાસેથી અંદાજે રૂ.૧.૭૨ કરોડની કિંમતનું વિદેશી સોનું મળી આવ્યું છે.

DRI જામનગરની ટીમને અગાઉથી જ પાકી માહિતી મળી હતી કે, રાજકોટ એરપોર્ટ મારફતે મોટા પાયે વિદેશી સોનાની ગેરકાયદેસર હેરાફેરી થવાની છે. આ બાતમીના પગલે અધિકારીઓએ ૨૩ જૂનના રોજ એરપોર્ટના અરાઈવલ હોલમાં કડક વોચ ગોઠવી દીધી હતી. શંકાસ્પદ હિલચાલ જણાતા અધિકારીઓએ મોહમદ સામુન નામના એક મુસાફરને અટકાવ્યો હતો.

જોકે અધિકારીઓની આકરી પૂછપરછ અને શંકા દૃઢ બનતા મુસાફરનું મેડિકલ ચેકઅપ અને એક્સ-રે કરવામાં આવ્યો હતો. એક્સ-રે રિપોર્ટ જોતા જ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. આરોપીએ કસ્ટમ ડ્યૂટી બચાવવા માટે પોતાના ગુદા માર્ગમાં સોનાની પેસ્ટ બનાવીને છુપાવી રાખી હતી. મેડિકલ સ્ટાફની મદદથી તેના શરીરમાંથી સોનાની પેસ્ટ ભરેલી ૪ કેપ્સ્યુલ બહાર કાઢવામાં આવી હતી.


આ પેસ્ટમાંથી ૨૪ કેરેટ (૯૯૯ પ્યુરિટી) ધરાવતું કુલ ૧,૧૬૬.૧૪ ગ્રામ (અંદાજે ૧.૧૬ કિલો) શુદ્ધ વિદેશી સોનું મેળવવામાં આવ્યું હતું, જેની વૈશ્વિક બજાર કિંમત રૂ.૧,૭૨,૩૫,૫૪૯ થાય છે. ડીઆઈઆઈએ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ની જોગવાઈઓ હેઠળ સોનું જપ્ત કરી આરોપી મોહમદ સામુન(રે. બેંગ્લોર)ની ધરપકડ કરી છે અને તેને જ્યુડિશિયલ કસ્ટડી હવાલે કર્યો છે.ટૂંક સમયમાં સોના-ચાંદી પકડાયાની ત્રીજી ઘટના, રાજકોટ એરપોર્ટ દાણચોરોના રડાર પર, ડીઆરઆઈની ટીમ માટે મોટો પડકારછેલ્લા છ મહિનામાં રાજકોટના હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સોના-ચાંદીનો મોટો જથ્થો ડીઆરઆઈએ પકડ્યાનો આ ત્રીજો કિસ્સો છે.

ટૂંક સમયમાં રાજકોટમાં હવે દુબઈની ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવાની તજવીજ ચાલી રહી છે ત્યારે સોનાના દાગીનામાં વૈશ્વિક સ્તરે મોટું નામ ધરાવતા રાજકોટમાં સોનાની દાણચોરી વધવાની ભીતિ સેવાઈ રહી છે અને દાણચોરો માટે રાજકોટ એરપોર્ટ ગોલ્ડ સ્મગલિંગનો અડ્ડો ન બની જાય તેવી ચિંતા ઊભી થઈ છે.

આખા સૌરાષ્ટ્રમાં ડીઆરઆઈના માત્ર પાંચ અધિકારીઓની ટીમ છે અને તેની સામે રાજકોટ એરપોર્ટ, કચ્છ અને ભાવનગર સહિતના અનેક સેન્સિટિવ પોઈન્ટ પર નજર રાખવાની જવાબદારી છે ત્યારે રાજકોટ એરપોર્ટને દાણચોરીનો અડ્ડો બને તે પૂર્વે ડામી દેવા તંત્ર મક્કમ બન્યું છે.


# રાજકોટમાં ઊંડા કૂવામાં ખાબકેલા આધેડનું દિલધડક રેસ્ક્યૂ

## ફાયર જવાનોએ પાણીમાં પાઈપો-જાળીઓ વચ્ચેથી મહામહેનતે બહાર કાઢ્યા; જીવ ન બચ્યો



રાજકોટ:
રાજકોટના કાલાવડ રોડ પર એજી ચોક પાસે આવેલા ચમત્કારી હનુમાનજી મંદિર સામે હૃદયદ્રાવક દુર્ઘટના સામે આવી છે. ભક્તિનગર સ્ટેશન પ્લોટના ૪૬ વર્ષીય વિનોદભાઈ પરમાર અચાનક એક ઊંડા કૂવામાં ખાબક્યા હતા. નાનામૌવા કંટ્રોલ રૂમથી મેસેજ મળતા જ કાલાવાડ રોડ ફાયર સ્ટેશનની ટીમ રેસ્ક્યૂ ટેન્ડર સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને કૂવાની અંદર લોખંડની પાઈપો તેમજ જાળીઓનું જટિલ માળખું હોવા છતાં જાંબાઝ જવાનોએ જીવના જોખમે દોરડા અને લાઈફ સેવિંગ રીંગ વડે દિલધડક ઓપરેશન કર્યું હતું.જવાનોએ પાઈપો વચ્ચે ફસાયેલા આધેડને મહામહેનતે બાંધીને બહાર કાઢ્યા હતા, પરંતુ કમનસીબે તેમનું મોત નીપજ્યું હતું. અંતે ફાયર સ્ટાફે મૃતદેહનો કબજો પોલીસને સોંપી દેતા પોલીસે મોતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# જેતપુરમાં કારની હડફેટે બાઈક સવાર વૃદ્ધનું કરુણ મોત



જેતપુર:
જેતપુર શહેરમાં માર્ગ અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે, ત્યારે વધુ એક હૃદયદ્રાવક ઘટનામાં અજાણ્યા કારચાલકની અવિચારી ડ્રાઈવિંગના કારણે એક નિર્દોષ વૃદ્ધે પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. જેતપુરના સરદાર ચોક પાસે પુરપાટ ઝડપે આવતી એક કારે બાઈક સવાર વૃદ્ધને અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધનું રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

ઘટનાની વિગત એવી છે કે, જેતપુરના જૂનાગઢ રોડ પર આવેલી રાજેશ્વરી સોસાયટીમાં રહેતા અને નિવૃત્ત જીવન જીવતા ધીરજલાલ જીવરાજભાઈ વડોદરીયા (ઉંમર વર્ષ ૭૨) ગઈકાલે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ પોતાનું મોટરસાયકલ (બાઈક) લઈને નીકળ્યા હતા. તેઓ પોતાના પુત્રના સાડીના કારખાનેથી કામ પતાવીને પરત પોતાના ઘરે જઈ રહ્યા હતા, ત્યારે માર્ગમાં સરદાર ચોક પાસે એક કારચાલકે અચાનક જ અને કોઈપણ જાતની સિગ્નલ આપ્યા વિના યુ-ટર્ન મારી દીધો હતો. કારના અચાનક વળાંકના કારણે ધીરજલાલ પોતાના બાઈક પરનો કાબૂ ગુમાવી બેઠા હતા અને કારે તેમને બાઈક સહિત જોરદાર હડફેટે લીધા હતા.

આ ભયાનક અકસ્માતમાં ધીરજલાલ વડોદરીયાને માથા તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને લોહીલુહાણ હાલતમાં તેમને પ્રથમ જેતપુરની સ્થાનિક ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાં તેમની તબિયત વધુ લથડતાં પ્રાથમિક સારવાર આપી જૂનાગઢની ખાનગી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. જો કે, ત્યાં પણ સ્થિતિ નાજુક જણાતાં આખરે વધુ સઘન સારવાર અર્થે તેમને રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે બેભાન હાલતમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા.

## ગોંડલ સિવિલ હોસ્પિટલ વિવાદ

# ચોરીની ઘટના બાદ રાજકારણ ગરમાયું, અફવા ફેલાવવા બદલ કોંગ્રેસ પ્રમુખ સામે ગુનો દાખલ!

ગોંડલ:ગોંડલની સરકારી હોસ્પિટલમાંથી એક ચોંકાવનારી અને અજીબોગરીબ ચોરીની ઘટના સામે આવ્યા બાદ મોટો વિવાદ ઊભો થયો છે. હોસ્પિટલના બર્ન્સ વોર્ડમાંથી એસી અને કોલ્ડ સ્ટોરેજ ફ્રીઝની કિંમતી કોપર પાઈપની ચોરી થતાં હોસ્પિટલ તંત્ર દોડતું થયું છે. આ ઘટના બાદ સ્થળ મુલાકાતે પહોંચેલા તાલુકા કોંગ્રેસ પ્રમુખે સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કરી ગંભીર આક્ષેપો કર્યા હતા, જેને પગલે પોલીસે તેમની સામે અફવા ફેલાવવાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, ગોંડલના ભગવતપરા વિસ્તારમાં રહેતા અને સિવિલ હોસ્પિટલમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા રાજેશભાઈ દેવજીભાઈ ચૌહાણે આ મામલે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. ગઈ તારીખ ૨૫ જૂન ૨૦૨૬ ના રોજ બપોરે ૧.૦૦ વાગ્યાની આસપાસ સિક્યુરિટી ગાર્ડ જ્યારે જમવા ગયા હતા, ત્યારે હોસ્પિટલના બર્ન્સ વોર્ડમાંથી (જે સામાન્ય રીતે ખુલ્લો રહે છે) કોઈ અજ્ઞાત તસ્કર કોલ્ડ સ્ટોરેજ ફ્રીઝની આશરે ચાર ફૂટ લાંબી અને અંદાજિત રૂ. ૧૬૦૦/- ની કિંમતની કોપરની કુલીંગ પાઈપ ચોરી કરી નાસી છૂટ્યો હતો. આસપાસ તપાસ કરવા છતાં પાઈપ ન મળતા આખરે ૨૭ જૂનના રોજ ગોંડલ સીટી પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૩૦૫ હેઠળ ગુનો દાખલ કરાયો છે.

આ ઘટનાની જાણ થતાં જ ગોંડલ તાલુકા કોંગ્રેસ પ્રમુખ હર્ષદસિંહ ઝાલાએ હોસ્પિટલની સ્થળ મુલાકાત લીધી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે ચરખડી ગામના એક નિરાધાર વૃદ્ધના અવસાન બાદ તેમના વાલીવારસ મુંબઈ રહેતા હોવાથી મૃતદેહને હોસ્પિટલના ફ્રીઝરૂમમાં રાખવામાં આવ્યો હતો. તસ્કરો દ્વારા ફ્રીઝની ગેસ પાઈપલાઈન ચોરી લેવાતા ફ્રીઝ બંધ થઈ ગયું હતું અને હોસ્પિટલ તંત્રની લાપરવાહીને કારણે મૃતદેહ કોહવાયેલી હાલતમાં જોવા મળ્યો હતો. હોસ્પિટલ પરિસરમાં પોલીસ ચોકી હોવા છતાં અસામાજિક તત્વો અને ચોરોનો અડ્ડો બની ગઈ હોવાનો સણસણતો આક્ષેપ પણ તેમણે કર્યો હતો.

કોંગ્રેસ પ્રમુખે આ સમગ્ર મામલે ફેસબુક પર 'AtthistimeGondal' નામની આઈડી પરથી એક વીડિયો અપલોડ કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, હોસ્પિટલના સત્તાધીશો કે કર્મચારીઓનો સંપર્ક કર્યા વિના અથવા સત્યતાની ખરાઈ કર્યા વિના જ આ વીડિયોમાં ભ્રામક દાવો કરાયો હતો કે 'ડેડ બોડીમાંથી લોહી નીકળી રહ્યું છે અને બોડી બે દિવસમાં ડિસ્પોઝ થઈ ગઈ છે'.

આ પ્રકારના ઉશ્કેરણીજનક વીડિયોથી સામાન્ય જનતામાં ભય અને વૈમનસ્ય ફેલાય તેવું કૃત્ય કરવા બદલ ગોંડલ સીટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહાવીરભાઈ મનુભાઈ બોરીચાએ ફરિયાદ નોંધાવી છે. આરોપી હર્ષદસિંહ ઘનશ્યામસિંહ ઝાલા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૩૫૩(૧)(બી) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.